સુવિચાર
વિશ્વાસ એવી શક્તિ છે જે માનવીને જીવિત રાખે છે, વિશ્વાસનો અભાવ જ જીવનનું અવસાન છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક



સ્થાનિક પોલીસે ઉછેરીને મોટા કરેલા બુટલેગરો બન્યા બેકાબુ: ક્રાઈમ બ્રાન્ચની ફરજમાં કરી રૂકાવટ...! P-4

Year-16, Issue-122 ■ DATE : 01-09-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અફઘાનિસ્તાનમાં ૬.૩ની તીવ્રતાના ભયાનક ભૂકંપથી ૬૨૨ના મોત

**૧૦૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્તઃ પાક. અને ભારતમાં પણ આંચકા અનુભવાયાઃ અફઘાનિસ્તાનમાં અનેક મકાન કાટમાળમાં ફેરવાયાઃ દિલ્હી-એનસીઆરમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા**







**મુખ્ય સમાચાર, કાબુલ**

રવિવાર અને સોમવારની મધ્યરાત્રિએ પાડોશી દેશ અફઘાનિસ્તાનના દક્ષિણ-પૂર્વીય વિસ્તારમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૩ માપવામાં આવી હતી, જે શક્તિશાળી શ્રેણીમાં આવે છે. આ ભૂકંપને કારણે અત્યાર સુધીમાં ૬૦૦ થી વધુ લોકોના મોત જ્યારે ૧૦૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી રહી છે. આ માહિતી ત્યાંના આંતરિક બાબતોના મંત્રાલયના હવાલાથી મળી રહી છે.

અફઘાનિસ્તાનના નાંગરહાર પ્રાંતમાં આ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. અત્યાર સુધીના આંકડા પ્રમાણે ૬૨૨થી વધુ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે જ્યારે ઘાયલોનો આંકડો ૧૦૦૦ને વટાવી ગયો છે. નાંગરહાર સ્વાસ્થ્ય વિભાગના પ્રવક્તા અજમલ દવાઈશે જણાવ્યું કે જલાલાબાદ અને આજુબાજુના વિસ્તારોમાં એક પછી એક ત્રણ ભૂકંપ આવ્યા હતા. પહેલા ભૂકંપની તીવ્રતા ૬.૩, બીજાની ૪.૫ અને ત્રીજાની ૫.૨ તીવ્રતા રહી હતી જેના લીધે મોટી જાનહાનિ સર્જાઇ હતી.

ભૂકંપ એટલો તીવ્ર હતો કે તેના આંચકા સમગ્ર પાકિસ્તાન અને દિલ્હી-એનસીઆર સુધી અનુભવાયા હતા. ભૂકંપની જાણ થતાં જ જ લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી ગયા. એનસીઆરના રહેવાસીઓએ જણાવ્યું હતું કે મોડી રાત્રે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ઈમારતો ધ્રુજી ઉઠી હતી અને લોકો બહાર દોડી આવ્યા હતા.

અફઘાનિસ્તાનના નાંગરહાર જાહેર આરોગ્ય વિભાગના પ્રવક્તા નકીબુલ્લાહ રહીમીએ જણાવ્યું હતું કે તમામ ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

USGS અનુસાર, ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના જલાલાબાદથી ૨૭ કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં ૮ કિમીની ઊંડાઈએ હતું. ભારતીય સમય મુજબ, રાત્રે ૧૨.૪૭ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લગભગ ૨૦ મિનિટ પછી, ભૂકંપનો બીજો આંચકો અનુભવાયો, જેની તીવ્રતા ૪.૫ માપવામાં આવી. તેનું કેન્દ્ર ૧૦ કિમીની ઊંડાઈએ હતું. ત્યારબાદ ત્રીજો ભૂકંપ પણ આવ્યો હતો.

## વિશ્વના ત્રણ તાકાતવર નેતાઓ વચ્ચે ચીનમાં જોવા મળી અદભૂત કેમેસ્ટ્રી



**મુખ્ય સમાચાર, તિયાનજીન**

ચીનમાં SCO સમિટ ચાલી રહી છે. બેઠક પહેલા વડા પ્રધાન મોદી, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન SCO પ્લેટફોર્મ પર એકસાથે જોવા મળ્યા. ત્રણેય નેતાઓ એકબીજા સાથે વાત કરતા જોવા મળ્યા.પીએમ મોદી, રાષ્ટ્રપતિ પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે અદભુત કેમેસ્ટ્રી જોવા મળી. ત્રણેય એવા રીતે વાત કરતા જોવા મળ્યા જાણે તેઓ ખૂબ જૂના મિત્રો હોય. આ દરમિયાન પુતિને મોદીનો હાથ પકડી લીધો અને હસવા લાગ્યા.આ દરમિયાન ત્રણેય દેશોની ત્રિપુટી રાજદ્વારી જોવા મળી. ઉદાહરણ તરીકે આ ત્રણેય દેશો એકબીજા વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂકી રહ્યા છે.

જ્યારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન મળ્યા ત્યારે તેમની કેમેસ્ટ્રી જોવા જેવી હતી. આ ત્રણેય નેતાઓની હસતી કેમેસ્ટ્રી કેમેરામાં કેદ થઈ હતી. આ તસવીરો જોઈને અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈર્ષ્યાથી બળી રહ્યા હશે. દરમિયાન, મોદી, જિનપિંગ અને પુતિનને જોઈને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફનો ચહેરો પણ ફિક્કો પડી ગયા હતા. ચીનના તિયાનજિનથી આવેલી આ તસવીરો ચોક્કસપણે અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પને મુશ્કેલીમાં મુકશે. ટ્રમ્પે ભારત સામે ટેરિફ બોમ્બ ફેંક્યો છે, પરંતુ ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે તે કોઈપણ દબાણ સામે ઝૂકશે નહીં.

સમિટ શરૂ થાય તે પહેલાં, પીએમ મોદી, રાષ્ટ્રપતિ પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે અદ્ભુત કેમેસ્ટ્રી જોવા મળી. ત્રણેય ખૂબ જૂના મિત્રો હોય તેવી રીતે વાત કરતા જોવા મળ્યા. આ દરમિયાન પુતિને મોદીનો હાથ પકડ્યો અને હસવા લાગ્યા.

અમેરિકા સાથેના સંબંધોમાં ઉતાર-ચઢાવ વચ્ચે, ભારત રશિયા અને ચીનની નજીક આવી રહ્યું છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પને પણ આ નિકટતા ગમશે નહીં.

તિઆનજિનમાં યોજાઈ રહેલી શાંઘાઈ સહયોગ સંગઠન સમિટની શરૂઆત પહેલાં, ભારત, ચીન અને રશિયાના રાષ્ટ્રપ્રમુખો એકબીજાને મળ્યા હતા જ્યાં ત્રણેય વચ્ચે અદભુત કેમેસ્ટ્રી જોવા મળ્યું હતું.

આ પોતે જ એક સંદેશ હતો કે કોઈ ત્રીજો દેશ આપણી વિદેશ નીતિને પ્રભાવિત કરી શકે નહીં. આ સંદેશ સીધો યુએસ પ્રમુખ ટ્રમ્પ માટે છે. સોમવારે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના પ્લેટફોર્મ પરથી એક ખૂબ જ શક્તિશાળી તસવીર સામે આવી. એક તરફ, આ તસવીરે અમેરિકાના મનસ્વી ટેરિફ વલણનો અરીસો બતાવ્યો, અને બીજી તરફ દુનિયાને કહ્યું કે ભારત ડોનાલ્ડ ટ્રમ્પની દરેક વ્યૂહરચનાનો સામનો કરી શકે છે. વાસ્તવમાં, ચીનના તિયાનજિનમાં SCO સમિટમાં ગ્રુપ ફોટો સેશન પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન એકસાથે જોવા મળ્યા. આ દરમિયાન, ત્રણેય નેતાઓ હસતા અને હસતા જોવા મળ્યા. પીએમ મોદી પુતિનનો હાથ પકડી રહ્યા હતા અને જિનપિંગ બંને સાથે વાત કરી રહ્યા હતા. આ દરમિયાન, ત્રણેય નેતાઓ જોરથી હસતા જોવા મળ્યા.

આ પહેલા, સોમવારે તિયાનજિનમાં ૧૦-સભ્યોના શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન ના રાષ્ટ્રપ્રમુખોની શિખર સંમેલન શરૂ થઈ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જૂથની ભાવિ દિશા નક્કી કરવા માટે સંગઠનના અન્ય નેતાઓ સાથે દિવસભર ચર્ચા શરૂ કરી. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે નેતાઓનું સ્વાગત કર્યું. ૨૫મી શિખર સમ્મેલન રવિવારે રાત્રે શી જિનપિંગ દ્વારા આયોજિત ભવ્ય ભોજન સમારંભ સાથે ઔપચારિક રીતે શરૂ થઈ.

## પહેલગામ પર હુમલો ત્રાસવાદનું વરવુ સ્વરૂપઃ નરેન્દ્ર મોદી

### શાંઘાઈ શિખર પરિષદમાં પાક.ને ખુલ્લુ પાડતા વડાપ્રધાન



**મુખ્ય સમાચાર, તિયાનજીન**

તિયાનજીનઃ શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં એક તરફ ચીનના રાષ્ટપતિ શી જીનપીંગે વિશ્વમાં એકાધિકાર-આધિપત્ય સામે અમેરિકાને ચેતવણી આપી તો બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદને તેમના પ્રવચનનો મુખ્ય મુદ્દો બનાવ્યો હતો.

મોદી અહી ગઈકાલની રશિયા-ચીન સહિતના ૨૦ દેશોમાં પાકિસ્તાનને બાદ કરતા તમામ નેતાઓને મળ્યા હતા તો આજે પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે ભારત છેલ્લા ચાર દશકાથી આતંકવાદના ડંખનો સામનો કરી રહ્યું છે. શ્રી મોદીએ પહેલગામ મુદ્દાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું કે ભારતે આતંકવાદના સૌથી ખરાબ ચહેરાને પણ જોયા છે.

આ પ્રકારના હુમલાએ માનવતામાં વિશ્વાસ રાખવાવાળા તમામ દેશો તથા વ્યક્તિઓ માટે મોટો પડકાર છે અને એ સવાલ ઉઠે છે કે કેટલાક દેશો આતંકવાદને જે રીતે ખુલ્લુ સમર્થન આપે છે તે કઈ રીતે સ્વીકાર્ય બની શકે તે પ્રશ્ન છે.

વડાપ્રધાને શાંતિ-સુરક્ષા અને સ્થિરતા જ કોઈ દેશના વિકાસનો આધાર હોઈ શકે છે તેવું જણાવ્યું હતું. તેઓએ સાથોસાથ ચીનને પણ આડકતરો સંદેશ આપતા દરેક દેશોના સાર્વભૌમત્વને પણ સન્માન આપવાની અપીલ કરી હતી અને એ રીતે ચીનને પણ જણાવી દીધુ હતું કે આ મુદ્દે ભારત કોઈ સમાધાન સ્વીકાર્ય બનાવશે નહી.

મોદીએ તેમને આ શિખર બેઠકમાં આમંત્રણ તથા સ્વાગત બદલ ચીનના રાષ્ટ્રવડા શી જીનપીંગનો આભાર માન્યો હતો. શ્રી જીનપીંગે તેમના પ્રારંભના સંબોધનમાં અમેરિકાની ટ્રેડ સહિતના મોરચે એકાધિકાર આપી રાજનીતિનો તિવ્ર વિરોધ કર્યો હતો. તેઓએ આ સંગઠનને પારદર્શક પરસ્પર વિશ્વાસ રાખનાર તથા સમાનતાના ભાવ સાથેનું સંગઠન ગણાવ્યું હતું.

## લે કર વાત... આવકવેરા વિભાગનું લોલમલોલઃ નાના દુકાનદારને અબજો રૂપિયાની કરચોરીની નોટીસ ફટકારી



**મુખ્ય સમાચાર, બુલંદ શહેર**

ઉત્તર પ્રદેશના બુલંદશહેરથી એક ચોંકાવનારા સમાચાર આવ્યા છે. જ્યાં આવકવેરા વિભાગે એક નાની કરિયાણાની દુકાનના માલિકને અબજો રૂપિયાની કરચોરી બદલ નોટિસ મોકલી છે. નોટિસની રકમ સાંભળીને દુકાનદાર અને તેનો આખો પરિવાર ચોંકી ગયો છે.

બુલંદશહેર જિલ્લાના ખુર્જા નગર કોતવાલી વિસ્તારના નયાગંજ વિસ્તારમાં રહેતા એક નાના કરિયાણાના દુકાનદારને આવકવેરા વિભાગ તરફથી એવી નોટિસ મળી છે કે જેનાથી તેના હોશ ઉડી ગયા છે.

આવકવેરા વિભાગે દુકાનદાર પર ૧ અબજ ૪૧ કરોડ ૨૮ લાખ ૪૭ હજાર ૧૨૬ રૂપિયાની કરચોરીનો આરોપ લગાવીને નોટિસ ફટકારી છે. નોટિસ મળતાની સાથે જ પીડિત દુકાનદાર અને તેનો પરિવાર ભાંગી પડ્યો.

પરિવારનું કહેવું છે કે, તેમણે ક્યારેય આટલા મોટા વ્યવહાર વિશે સાંભળ્યું પણ નથી, તેથી આટલી મોટી રકમની કરચોરીનો પ્રશ્ન જ ઉભો થતો નથી. તપાસમાં બહાર આવ્યું છે કે દુકાનદારના આધાર કાર્ડ અને પાન કાર્ડનો ઉપયોગ દિલ્હીની ૬ કંપનીઓ દ્વારા છેતરપિંડીથી કરવામાં આવ્યો છે.

આ કંપનીઓએ તેમના દસ્તાવેજોનો દુરુપયોગ કર્યો અને અબજો રૂપિયાનું ટર્નઓવર બતાવ્યું અને આ ગરીબ દુકાનદાર પર કરચોરીનો આરોપ લગાવ્યો. પીડિત પરિવારે સમગ્ર મામલા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ બાદ પોલીસે એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે.

પીડિત દુકાનદાર સુધીર ગુપ્તાએ કહ્યું કે હું એક નાનો કરિયાણાનો વેપારી છું. મેં ક્યારેય કરોડો કે અબજો રૂપિયાનો ધંધો કર્યો નથી. જ્યારે અચાનક આવકવેરા વિભાગ તરફથી આટલી મોટી નોટિસ આવી ત્યારે આખો પરિવાર આઘાતમાં સરી પડ્યો. હવે અમને પણ અમારી સુરક્ષાની ચિંતા છે. અમે પોલીસને વિનંતી કરીએ છીએ કે અમને ન્યાય મળે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

## મેઘરાજા નવરાત્રી બગાડશેઃ આ માસમાં ૧૦૯% વરસાદની સંભાવના



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

હવામાન વિભાગ દ્વારા ખેલૈયાઓને માઠા સમાચાર આપવામાં આવ્યા છે, કારણ કે હવામાન વિભાગની આગામી સપ્ટેમ્બર મહિનાની આગાહી મુજબ ૨૩ તારીખથી બંગાળની ખાડી અને અરબ સાગરમાં સર્જાતાં સાઈક્લોનિક સર્ક્યુલેશનને કારણે વરસાદનું જોર વધશે, એટલે કે ગુજરાતમાં મુશળધાર વરસાદ વરસવાની શક્યતા રહેશે. જો આગાહી મુજબ નવરાત્રિમાં વરસાદી માહોલ સર્જાયો તો ગુજરાતવાસીઓની નવરાત્રિના રંગમાં ભંગ પડી શકે છે, એટલે કે ખેલૈયાઓએ વરસાદમાં ગરબે ઘૂમવાની ફરજ પડી શકે છે.

આજે સવારના ૬થી ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૪૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દાહોદના ઝાલોદમાં ૧.૩૪ ઈંચ તો સૌથી ઓછો વલસાડના વાપીમાં ૧ મિમી વરસાદ નોંધાયો છે. આ સીઝનમાં સૌથી વધુ વરસાદ જૂનમાં ૧૨.૧૨ ઈંચ, જુલાઈમાં ૧૦ ઈંચ અને ઓગસ્ટમાં ૧૦ ઈંચ સાથે ગુજરાતમાં સરેરાશ ૩૨ ઈંચ વરસાદ નોંધાયો છે.

IMDના જણાવ્યા અનુસાર, સપ્ટેમ્બર દરમિયાન ભૌગોલિક રીતે દેશના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્યથી વધુ વરસાદ પડવાની સંભાવના છે, જેમાં ગુજરાત રાજ્યનો પણ સમાવેશ થાય છે. રાજ્યમાં સપ્ટેમ્બર મહિનામાં ૧૦૯% વરસાદ થવાની શક્યતા છે. ૨ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં એક નવો લો-પ્રેશર વિસ્તાર બનવાની શક્યતા છે, જેથી ૨ સપ્ટેમ્બર બાદ રાજ્યમાં વરસાદનું જોર વધશે. ત્યાર બાદ ફરી વરસાદનું જોર ઘટશે અને સપ્ટેમ્બર મહિનાના છેલ્લા અઠવાડિયા દરમિયાન બંગાળની ખાડીમાં સાઇક્લોનિક સર્ક્યુલેશન સર્જાવાને કારણે રાજ્યમાં ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સપ્ટેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં, એટલે કે ૧થી ૭ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડશે. બંગાળની ખાડીમાં નવી લો પ્રેશર સિસ્ટમ સક્રિય થવાને કારણે શરૂઆતના દિવસોમાં ગુજરાતમાં ભારે વરસાદ રહેવાની સંભાવના છે. ત્યાર બાદ ૮થી ૧૫ સપ્ટેમ્બર અને ૧૬થી ૨૨ સપ્ટેમ્બર, એટલે કે બીજા અને ત્રીજા અઠવાડિયામાં વરસાદ એકદમ સામાન્ય અથવા તો નહિવત રહેશે, જોકે મહિનાના છેલ્લા અઠવાડિયામાં, એટલે કે ૨૩થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ફરીથી વરસાદનું જોર વધશે, જેનું મુખ્ય કારણ અરબ સાગર અને બંગાળની ખાડીમાં સર્જાતા સાઈક્લોનિક સર્ક્યુલેશન છે.

નોંધનીય છે કે આ વર્ષે ૨૨ સપ્ટેમ્બરથી નવરાત્રિ શરુ થશે અને ગુજરાતમાં આ તહેવારની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવે છે. ત્યારે જો હવામાનની આગાહી મુજબ નવરાત્રિના દિવસો દરમિયાન વરસાદી માહોલ રહેશે તો ખેલૈયાઓની મજા બગડી શકે છે. એના પગલે ખેલૈયાઓએ છત્રી-રેઈનકોટની તૈયારી સાથે ગરબા રમવા જવું પડશે.

## ગાંધીનગર પોલીસ ભવનમાં સર્જાયેલો ઘટના ક્રમ સુચકઃ ચર્ચાનો વિષય બન્યો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સુરતના અત્યંત ચકચારી બીટકોઈન કાંડમાં પુર્વ ધારાસભ્ય નલિન કોટડીયા ઉપરાંત અમરેલીના તત્કાલીન પોલીસવડા દિનેશ પટેલ સહિત ૧૪ લોકોને આજીવન કેદની સજા ફટકારાતા રાજકીય તથા પોલીસબેડામાં ખળભળાટ છે તેવા સમયે તાજેતરમાં ગાંધીનગર પોલીસ ભવનમાં સર્જાયેલો ઘટનાક્રમ ઘણો સૂચક અને અનેકવિધ સવાલ ઉભો કરનારો અને ચર્ચાનો વિષય બન્યો છે.

રાજયમાં પોલીસ સહિતના વિભાગોમાં ભ્રષ્ટાચાર તથા ગુનાખોરીમાં આરોપીઓના નીચા સજાદર મામલે વખતોવખત મંથન થતુ જ હોય છે. આરોપીઓ કેવી રીતે છુટ્ટી જાય છે અને સજામાંથી બચી જાય છે તે વિશે સવાલ પણ ઉઠતા હોય છે. ગાંધીનગર પોલીસ ભવન ખાતે તાજેતરમાં આરોપીઓના દોષિત ઠરવા કે સજાની ટકાવારી વિશે મંથન ચાલ્યુ હતું.

૨૬ જુલાઈએ યોજાયેલા આ મંથનમાં આઘાતજનક દ્દશ્ય એવુ જોવા મળ્યુ હતું કે ત્રણ ચહેરા સામસામા થયા હતા તેમાં રાજયના ખાસ નિયુક્ત થયેલા સરકારી વકીલ અમીત પટેલ, ક્રિપ્ટોકરન્સી ખંડણી- અપહરણકાંડમાં જેમની સામે આરોપ હતો તે અમરેલીના તત્કાલીન પોલીસ વડા જગદીશ પટેલ તથા આ કેસના ફરિયાદી એવા સીઆઈડી (ક્રાઈમ)ના પોલીસ વડા શૈલેષ રઘુવંશીનો સમાવેશ થતો હતો.

રાજયમાં ગુનાખોરીમાં આરોપીઓનો સજાનો રેટ વધારવા માટે આ મંથનમાં ત્રણેય એક સાથે હતા. રસપ્રદ વાત એ છે કે મીટીંગ રૂમની બહાર સરકારી વકીલ કેસમાં સજા કરાવવા મથતા હતા. આરોપીને ચુકાદાની રાહ હતી. જયારે ફરિયાદીએ તો કેસ દાખલ કરેલો જ હતો. આ ઘટનાક્રમનાં થોડા જ સપ્તાહમાં સજાનો રેટ વધારવાના મંથનમાં સામેલ આઈપીએસ જગદીશ પટેલને આજીવન કેદની સજા થઈ હતી.

આ તકે રાજકીય તથા પોલીસ બેડામાં એવી ચર્ચા થઈ રહી છે કે ગુનાખોરીમાં સજા રેટ વધારવા માટે આરોપીની સલાહ-સૂચનો લેવા પડે તેવી સ્થિતિ કેટલા અંશે યોગ્ય છે?

અત્રે ઉલ્લેખનીય છે કે બીટકોઈન કાંડમાં એસીબી કોર્ટે આઈપીએસ જગદીશ પટેલ ઉપરાંત પોલીસ ઈન્સ્પેકટર અનંત પટેલ તથા અન્ય અમુક પોલીસને પણ ૨૦ વર્ષની આજીવન કેદ ફટકારી છે. આ કેસમાં પોલીસે સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટનુ અપહરણ કરી ગાંધીનગર પાસે ગોંધી રાખીને ક્રિપ્ટોકરન્સી રૂપે નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા અને ૩૨ કરોડની ખંડણી માંગી હતી.

## મોંઘવારીમાં સરકારનો મલમ લગાવવાનો પ્રયાસઃ કોમર્શિયલ એલપીજીમાં રૂ.૫૧.૫૦નો ઘટાડો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સપ્ટેમ્બરની શરૂઆતમાં એક સારા સમાચાર આવ્યા છે. હકીકતમાં આજથી LPG ગેસ સિલિન્ડર સસ્તો થયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સિલિન્ડરના ભાવમાં ૫૧.૫૦ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો છે.

આ વખતે પણ ફક્ત ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ LPG ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તાજેતરના ઘટાડા પછી, હવે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ઘટીને ૧૫૮૦ રૂપિયા થઈ ગયો છે.

ઓગસ્ટ મહિનામાં પણ તેની કિંમતમાં ઘટાડો થયો હતો. જોકે, ૧૪ કિલોગ્રામના ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે સ્થિર છે. આ ફેરફાર પછી, ૧ સપ્ટેમ્બર ૨૦૨૫થી નવી કિંમતો લાગુ કરવામાં આવી છે.

વેબસાઈટ પર અપડેટ કરાયેલા નવા ભાવ મુજબ, ૧ સપ્ટેમ્બરના ઘટાડા પછી, નવી દિલ્હીમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૬૩૧.૫૦ રૂપિયાથી ઘટીને ૧૫૮૦ રૂપિયા થઈ ગઈ છે.

આ ઉપરાંત, કોલકાતામાં તે ૧૭૩૪.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતું, જે હવે ૧૬૮૪ રૂપિયામાં મળશે. મુંબઈમાં પણ તેની કિંમત ૧૫૮૨.૫૦ રૂપિયાથી ઘટીને ૧૫૩૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે ચેન્નાઈમાં સિલિન્ડરની કિંમત ૧૭૮૯ રૂપિયાથી ઘટીને ૧૭૩૮ રૂપિયા થઈ ગઈ છે.

નોંધનીય છે કે, ઓઈલ કંપનીઓ દ્વારા દર મહિનાની પહેલી તારીખે LPG સિલિન્ડરના ભાવની સમીક્ષા કરવામાં આવે છે અને ત્યારબાદ નવા દર જાહેર કરવામાં આવે છે. આ નવા ભાવ ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ, ભારતીય ચલણ રૂપિયાની સ્થિતિ તેમજ અન્ય બજાર પરિસ્થિતિઓ પર આધાર રાખે છે અને પહેલી તારીખથી અમલમાં આવે છે.

# લોધીડાના ખેડૂતે ૧.૪૮ કરોડની પઠાણી ઉઘરાણીથી કંટાળી વખ ઘોળ્યું

## પ્રૌઢે ભાણેજને ઓફિસ કરવા વ્યાજે અંપાવેલા 30 લાખના ૯૧.૬૦ લાખ ચૂકવ્યા છતાં ત્રાસ આપતા હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ના લોધીડા ગામના ખેડૂતે ભાણેજને ઓફિસ લેવા માટે રણછોડનગરના શખ્સ પાસેથી રૂા. 30 લાખ વ્યાજે લઇ આપતાં બે ત્રણ મહિના વ્યાજ ભર્યા બાદ ભાણેજ ગામ મુકી ગાયબ થઇ જતાં તેની બદલે આ ખેડૂતે અત્યાર સુધીમાં 30 લાખ સામે કુલ ૯૧,૬૦,૦૦૦ જેવી રકમ ભરી દીધી હોવા છતાં તેની પાસે વધુ રૂૉ.૧,૪૮,૦૦,૦૦૦ની પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોઈ અને ખેડૂતે ખેતીની જે જમીન પર આ રકમ લીધી હતી તે જમીનનું સાટાખત આ શખ્સ પોતાના નામે કરી નાખવાની સતત ધમકી આપતો હોઇ અંતે ખેડુતે ઝેર પી આપઘાતનો પ્રયાસ કરી લેતાં આજીડેમ પોલીસે ફરિયાદ દાખલ કરી.

જાણવા મળ્યા મુજબ આ બનાવમાં આજીડેમ પોલીસે રાજકોટના લોધીડા ગામે દૂધ મંડળીની સામે રહેતાં જગાભાઈ વિસાભાઈ ઝાપડીયા-કોળી (ઉ.વ.૪૮) નામના ખેડુતની ફરિયાદ પરથી રાજકોટ રણછોડનગર કડવા ભનુ રોડ શેરી નં. ૧૦ લક્ષ્મી પેલેસ ખાતે રહેતાં પ્રકાશ પ્રભાતભાઈ ચાવડા વિરૂધ્ધ મની લેન્ડ એક્ટ હેઠળ વ્યાજખોરી, ધમકીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ખેડુત જગાભાઈ ઝાપડીયાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મારું ત્રણ દિકરા છે. આજથી દસેક વર્ષ પહેલા સને-૨૦૧૪માં હું રાજકોટ રણુજા મંદીર સામે આવેલ કનૈયા ચોક ખાતે બેસતો અ ને મારી સાથે મારા મામાની દિકરીના દિકરા વિનોદ જસમતભાઈ ચૌહાણ તથા વિરમભાઈ ભગુભાઈ બાબરીયા તથા વિક્રમભાઈ ગીડા બેઠા હતા તે દરમ્યાન મને આ વિનોદ જસમતભાઈ ચોહાણએ કહેલ કે મામા જેના મારે રાજકોટ ખાતે ઓફીસ ખરીદ કરવી છે માટે રૂા.30,00,000ની જરૂરીયાત છે તો તમે તમારી ઓળખાણથી મને કરાવી આપો. જેથી રાજકોટ રણુજા મંદીર પાસે આવેલ કનૈયા ચોક માં મારી સાથે બેસતા મારા મિત્ર વિરમભાઇ ભગુભાઇ બાબરીયાએ મને કહેલ કે, અમારી જ્ઞાતીના પ્રકાશ ચાવડા છે તેને તમે તમારી પાસે કાંઈ કીમતી વસ્તુ હોય તે ગીરવે મુકશો એટલે તેઓ તમને પૈસાનું કરાવી આપશે.

આથી તા.૧૮/૦૯/૨૦૧૪ના રોજ હું તથા મારા પિતા વિસાભાઈ ઝાપડીયા તથા મારા મિત્ર વિરમભાઈ બાબરીયા તથા વિનોદભાઈ ચૌહાણ તથા વિક્રમભાઈ ગીડા એમ બધા પ્રકાશ ચાવડાની રણછોડનગર ખાતે આવેલ રવેચી નામની ઓફીસે ગયેલ અને મારા પિતાની માલીકીની જમીનનો સાટાખતનો કરાર કરેલ અને તે કરારમાં આ જમીનની કિંમત રૂા.૫,૦૦,૦૦૦ ગણી તેની અવેજીમાં રૂા.૩,૦૦,૦૦૦ રોકડા મળેલના કરારમાં મારા પિતાજીએ સહી કરી આપેલ અને આ પ્રકાશ ચાવડાએ રૂ.30,00,000 (ત્રીસ લાખ પુરા) ત્રણ ટકા વ્યાજે અમોને આપેલ જે પૈસા ત્યાં ઓફીસ ખાતેથી જ મારા ભાણા વિનોદભાઈ ચૌહાણે પ્રકાશભાઈ પાસેથી લીધેલ હતા બાદ આ રૂ. 30,00,000 નું ત્રણ ટકા લેખે ૧.૯૦,૦૦૦ વ્યાજ પેટે વીનોદભાઈ એ ત્રણ માસ સુધી વ્યાજ આપેલ.

બાદ આ મારો ભાણો વીનોદ ચૌહાણ કરાર થઈ ગયેલ અને આજદિન સુધી મને મળેલ નથી અને આ ઉપરોક્ત વ્યાજ ન ભરતા મે દર મહીને રૂા.૯૦,૦૦૦ લેખે આશરે બે વર્ષ સુધી આ પ્રકાશને વ્યાજ આપેલ બાદ મારાથી વ્યાજની સગવડ ન થતા ધમકી ચાલુ થઈ હતી. આથી મેં ખેતીની ઉપજમાંથી ૧૦ લાખ પ્રકાશને આપી દીધા હતાં. એ પછી ફરીથી મને ધમકાવતાં તે વખતે મારા પત્નિ ગામમાં સરપંચ હોઇ આબરૂ જવાની બીક હું ગામ મુકી વીસેક દિવસ ભાવનગર જતો રહ્યો હતો. ત્યારબાદ મેં જમીન વેંચી ૬૦ લાખ રોકડા પ્રકાશને આપયા હતાં. આમ છતાં તે જ્યાં ભેગો થાય ત્યાં ધમકી આપી વ્યાજ માંગતો હોઈ અને જમીનનું સાટાખત પોતાના નામે કરી લેવાની ધમકી દેતો હોઈ મેં ગયા મહિને તા. ૪/૭/૨૫ના રોજ સોડીયા ગામે ઝેર પી લેતાં ગોંડલની હોસ્પિટલમાં સાત દિવસ સારવાર લીધી હતી. હવે હું સ્વસ્થ થયો હોઉ ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું.

મેં મારા ભાણેજ વિનોદભાઈ ચૌહાણને ઓફીસ લેવા માટે રૂા. 30,00,000 માસીક ૩ ટકા લેખે વ્યાજે લીધેલ હોઈ તેની સામે રૂ. ૯૧,૬૦,૦૦૦ ચુકવી આપેલ હાઈ તેમ છતા પ્રકાશ ચાવડા વધુ રૂ. ૧,૪૮,૦૦,૦૦૦ની માંગણી કરી સતત ધમકાવતો હોઇ અંતે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં જગાભાઈ ઝાપડીયાએ કહેતાં આજીડેમ પીઆઈ એ. બી. જાડે જાની રાહબરીમાં પીએસઆઇ આર. ડી. વાકે ગુનો નોંધી તપાસ આદરી છે.

# વિદ્યાર્થીના આપઘાત કેસમાં ડાંગર કોલેજ સામે પોલીસ FIR નોંધતી ન હોવાનો આક્ષેપ

## પુત્રના મૃત્યુથી અમે બધુ ગુમાવ્યું, ૪ દી'થી સૂતા નથીઃ પોલીસે પૂરાવા માંગીને માત્ર અરજી લીધાનો મૃતકના પિતાનો વલોપાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની બી. એ. ડાંગર કોલેજમાં હોમિયોપેથિકના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધર્મેશ કલસરિયાએ ૨૬ ઓગસ્ટે કરેલા આપઘાતના ચકચારી પ્રકરણમાં કોલેજ સંચાલકોએ પાસ કરવા માટે પૈસાની કરેલી માગણી આપઘાત પાછળ કારણભૂત હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન સહિતનાએ પણ આ આક્ષેપને સમર્થન આપીને કેટલાક સ્ક્રિન શોટ રજૂ કર્યા હોછા છતાં પોલીસ દ્વારા કોલેજ સંચાલક વિરૂધ્ધ ફરિયાદ લેવામાં આવી નથી તેમ જણાવી મૃતકના પરિવારજનોએ ન્યાયની માગણી કરી છે.

મૃતકના પિતા ધીરૂભાઈ કલસરિયાએ જણાવ્યું કે, મારો દીકરો જ મારી મૂડી હતો, જેને અમે ગુમાવી દીધો છે. આજે ચાર દિવસ થઈ ગયા, પરંતુ અમારી પીડાને કોઈ સાંભળતું નથી. તેઓએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટી પોલીસ મથકે માત્ર અરજી લેવામાં આવી છે, પરંતુ ગુનો દાખલ થયો નથી.

મૃતકના દાદા પિઠાભાઈ કલસરિયાએ કહ્યું હતું કે, પોલીસ અમારી પાસે પુરાવા માગે છે, પરંતુ પુરાવા એકત્ર કરવાનું કામ પોલીસનું છે. ધર્મેશના મોટા પપ્પા




ગોપાલભાઈએ આક્ષેપ કર્યો કે, મોબાઈલ સહિતનાં પુરાવા હોવા છતાં પોલીસ કોલેજ સામે કાર્યવાહી કરવા તૈયાર નથી. ધર્મેશનાભાઈ મિલને કર્યુ કે, ભાઈએ આપઘાત કરતા પહેલાં ફોન પર મને કહ્યું હતું કે, પૈસા આપવા છતાં મારી સાથે ગેમ થઈ છે. આ ઘટનાને લઈને સમાજના આગેવાનો અને કોલેજના જ ઈન્ટર્ન વિદ્યાર્થીઓએ પણ ગંભીર આક્ષેપો કર્યા છે. પરિવારજનોએ પુરાવા આપવા પડે તે અયોગ્ય છે. બીજી બાજુ ઈન્ટર્ન હરેશ જોગરાજીયાએ પોતાના નિવેદનમાં સ્વીકાર્યું કે, કોલેજમાં અગાઉ વિદ્યાર્થીઓને ખોટી રીતે પાસ કરવાના બનાવો બન્યા છે અને આ વખતે પણ ધર્મેશે પાસ થવા માટે મદદ માંગી હતી. આમ કોલેજ સંચાલકો વિરૂધ્ધ ગંભીર આક્ષેપ છતાં પોલીસ ફરિયાદ નોંધતી ન હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

# જામનગરમાં નેશનલ સપોર્ટ્સ ડે નિમિતે વિવિધ સરકારી કચેરીઓ વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર દેશભરમાં મેજર ધ્યાનચંદજીના જન્મદિનને ''નેશનલ સ્પોર્ટ્સ ડે'' તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે જામનગરમાં પણ રમતગમતને પ્રોત્સાહન આપવા માટે જિલ્લા વહીવટી તંત્ર, જામનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને જિલ્લા પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ઉજવણીના ભાગરૂપે, પોલીસ હેડક્વાર્ટરના ક્રિકેટ તારીખ 30 ઑગસ્ટ ના રોજ ગ્રાઉન્ડ ખાતે વિવિધ સરકારી કચેરીઓની ટીમો વચ્ચે એક રોમાંચક ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી.જેમાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ અને પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈની સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા.આ ટુર્નામેન્ટમાં કલેક્ટર કચેરી ટીમ, મહાનગરપાલિકા કચેરી ટીમ, જિલ્લા પંચાયત કચેરી ટીમ તથા પોલીસ અધિક્ષક કચેરી ટીમ એમ કુલ ચાર ટીમોએ ભાગ લીધો હતો.

જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર દ્વારા આ ટુર્નામેન્ટનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. ટેનિસ બોલ સાથે રમાયેલ ૧૦ ઓવરની આ ટુર્નામેન્ટમાં ટીમો વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી હતી. આખરી અને રોમાંચક ફાઇનલ મેચ પોલીસ ઈલેવન અને મહાનગરપાલિકા ઈલેવન વચ્ચે રમાઈ હતી. જેમાં મહાનગરપાલિકા ઈલેવનનો ૧૫ રનથી ભવ્ય વિજય થયો હતો.આ પ્રસંગે, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી સહિતના પદાધિકારીઓએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને ખેલાડીઓને સન્માનિત કર્યા હતા.આ કાર્યક્રમના માધ્યમથી કર્મચારીઓમાં ખેલકુદ પ્રત્યે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો સાથે જ અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે રમતગમત અને સૌહાર્દની ભાવના વધુ મજબૂત બની હતી.

# ઉનામાં આવેલ નીચલા રહીમના ગરમાં ફ્રી નિદાન કેમ્પ રાખવામાં આવ્યો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં આવેલ નીચલા રહીમ નગર વિસ્તારમાં આજરોજ ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો જેમાં ઈમરાન ભાઈ બલોચ ડોક્ટર ઓન સિદ્દીકી નીહાદભાઈ બ્લોચ તેમજ સબીરભાઈ તાઈ તેમના બધાના સહયોગથી આજરોજ મકરાણી જમાતખાના રાખેલ તેમાં ટોટલ ૨૧૦ દર્દીઓને ફ્રી મેડિકલ ચેકઅપ કરેલી તેમાં ખાસ મહેનત ડોક્ટર શ્રી ઓ એમ ડી ડોક્ટર તપન ડોડીયા સાહેબ મારુતિ હોસ્પિટલ તથા જનની ઉંમર હોસ્પિટલ ડોક્ટર સંજય એમ રામ તથા ડોક્ટર સારિકા બાકુ રામ તથા અર્થવ હોસ્પિટલ ડોક્ટર અક્ષર બારીયા તમામ ડોક્ટરોએ સેવા આપેલ તથા મૌલાના શફી બાપુ દ્વારા દ્વારા તમામ ડોક્ટરોને સન્માન કરવામાં આવ્યું હતો અને આ કેમ્પ સફળ રહ્યો હતો

# ઉનાના મુસ્લિમ સમાજના આગેવાનોએ ગણેશ મહોત્સવમાં કોમી એકતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું

## ગણપતિ તહેવારમાં ધોબીવાડ અને ભોયવાડા વિસ્તારમાં આગેવાનો ઉપસ્થિત રહ્યા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનામા આજરોજ શહેરી વિસ્તારોમાં હાલ ગણેશજી વિરાજમાન થયા છે ધર્મ પ્રેમી ભાઈઓમાં ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે ઠેર ઠેર અને વિસ્તારમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે રાત્રી પડતા ભાવિ ભક્તો જોવા ઉમટી પડે છે જ્યારે આજ રોજ ગણપતિ તહેવાર લઈને ઉના કોર્ટ વિસ્તારમાં ભોંયવાડા તથા ધોબીવાડા ગણપતિ સ્થાપના ખાતે ઉના પીઆઈ



એમ.એન.રાણા સાથે મુસ્લિમ સમાજના આગેવાન માસુમભાઈ કાસમાણી તથા ગ્રીન મરચંટ એસોસિયનના પ્રમુખ અબ્બાસભાઈ સુમરાણી તથા અન્ય મુસ્લિમ સમાજના આગેવાનો સાથે ભોંયવાડા તથા ધોબીવાડા ગણપતિ ના આયોજકો દ્વારા સન્માન કરવામાં આવેલ તથા મુસ્લિમ સમાજનાના આગેવાનો દ્વારા ગણપતિ દાદા ને ફુલ હાર કરી હિન્દુ મુસ્લિમ સમાજ શાંતિમય તહેવારની ઉજવણી થાય તેવું કોમી એકતા નું ઉદાહરણ પૂરું પાડયો

# ગોંડલ તાલુકા પંચાયત કચેરી ખાતે એન.આર.એલ.એમ. યોજના દ્વારા કેશ ક્રેડિટ કેમ્પ યોજવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

એન. આર.એલ. એમ. યોજના અંતર્ગત ગોંડલ તાલુકા પંચાયત કચેરી ખાતે એ.ટી.ડી.ઓ મેહુલભાઈ ભરડવા ની અધ્યક્ષતા માં કેશ ક્રેડિટ કેમ્પ યોજવામાં આવ્યો જિલ્લા માંથી DAPM MF વીરેન્દ્રભાઈ હાજર રહ્યા અને RDC - (HIRAK,TOWNHALL,GOMTA),BOB,BOI,GGBના બેંક બ્રાંચના મેનેજરઓ તેમજ SHGના બહેનો હાજર રહ્યા હતા.



કેમ્પ માં ૧૬ જૂથને કુલ ૨૪.૫૦ લાખની ધિરાણ અને મંજૂર લોન કરવામાં આવી. કેમ્પમાં ૪ બેંક સખીની નિમણૂક કરવામાં આવી. કેમ્પ માં ૩ બેન્ક ને સારી કામગીરી બદલ પ્રમાણપત્ર તેમજ ૩ સી.સી ને સારી કામગીરી બદલ પ્રમાણપત્ર આપવામાં આવ્યા 30બહેનો ના વીમા કરવામાં આવ્યા.

જૂથના બહેનોએ લોન લઈને બેંક મેનેજરશ્રીઓ એ પોતાના પ્રતિભાવો આપ્યા.અંતે ટી. એલ. મ.શક્તિસિંહ ગોહિલએ આવેલ બેંકના વિવિધ મેનેજરઓ, SHG બહેનો નો આભાર માની કેમ્પનું સમાપન કર્યું.

# જામનગરના ગોકુલનગર પાણખાણ વિસ્તારમાં છરીના ઘા ઝીંકી હત્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલનગર પાણખાણ વિસ્તારમાં કૌટુંબિક વિવાદમાં એક યુવકની હત્યા થઈ છે. ભંગારમાં મજૂરી કરતા ૨૭ વર્ષીય રોહિત દીલાભાઈ પરમારની તેમના સાઢુભાઈએ છરીથી હત્યા કરી.રોહિતને ગંભીર ઈજાઓ સાથે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાંથી અન્ય હોસ્પિટલમાં લઈ જતી વખતે તેમનું મૃત્યુ થયું. મૃતક રોહિત પાંચ વર્ષથી પરણેલો હતો. તેમને બે નાની દીકરીઓ છે. એક ૩ વર્ષની અને બીજી ૫ વર્ષની છે.ઘટનાની જાણ થતાં DYSP જયવીર સિંહ ઝાલા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા. સીટી 'સી' પોલીસ સ્ટેશનના PI



ડાભી અને PSI પરમાર પણ સ્થળ પર આવી પહોંચ્યા. પ્રાથમિક તપાસમાં જૂનું કૌટુંબિક મનદુઃખ હત્યાનું કારણ હોવાનું સામે આવ્યું છે.પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. આ ઘટનાથી પરિવારજનોમાં શોકની લાગણી છ્વાઈ ગઈ છે. બે નાની બાળકીઓએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

# ઉનામાં ભાજપે કર્યું રાહુલ ગાંધીના પૂતળાનું દહન

## વડાપ્રધાનના સ્વર્ગીય માતા વિશે અભદ્ર ટિપ્પણી બદલ કાર્યકરોમાં રોષ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

આજરોજ ઉના ધારાસભ્યના કાર્યાલય ખાતે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ (કે.સી.રાઠોડ) નામાર્ગદર્શન હેઠળ અને ગીર સોમનાથ જીલ્લા યુવા ભાજપ મોરચાના પ્રમુખ હિતેશભાઈ ઓઝા ની સુચના અનુસાર યુવા ભાજપ મોરચા દ્વારા બિહારમાં જાહેર મંચ પરથી કોંગ્રેસ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજી અને તેમના સ્વર્ગીય માતુ પર અભદ્ર અને અશોભનીય ટિપ્પણી કરવા બદલ રાહુલ ગાંધીના વિરોધમાં સૂત્રોચ્ચાર કરી રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. અને રાહુલ ગાંધી હાય હાય, કોંગ્રેસ હાય હાય ના સુત્રોચાર સાથે વિરોધ વ્યક્ત કર્યો




હતો. આ કાર્યક્રમમાં નગરપાલિકાના સદસ્યઓ સંગઠનના હોદેદારો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ગણેશ વિસર્જન દરમિયાન તળાવમાં ડૂબી જવાથી એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના નાઘેડી વિસ્તારમાં પોદાર સ્કૂલ નજીક આવેલા એક તળાવમાં ગણેશ વિસર્જન કરવા ગયેલા એક જ પરિવારના ત્રણ સભ્યોના કરુણ મોતથી સમગ્ર શહેરમાં શોકનો માહોલ છ્વાઈ ગયો છે. રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા પ્રજાપતિ કુંભાર પરિવારના વડા અને તેમના બે બાળકો તળાવના ઊંડા ખાડામાં ડૂબી જતાં તેમનું જીવનદીપ બુઝાઈ ગયું હતું.આ દુઃખદ ઘટના ગણેશ વિસર્જનના પર્વ પર બની હતી. મૃતકોની ઓળખ પ્રિતેશ દિનેશભાઈ રાવલ (ઉંમર ૩૬ વર્ષ) અને તેમના પુત્રો સંજય રાવલ (ઉંમર ૧૬ વર્ષ) તથા અંશ રાવલ (ઉંમર ૪ વર્ષ) તરીકે થઈ છે.

મળતી માહિતી મુજબ, ત્રણેય સભ્યો ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવા માટે નાઘેડી નજીક આવેલા લહેર તળાવના પાછળના ભાગે પહોંચ્યા હતા. વિસર્જન દરમિયાન જ કોઈ અકસ્માતે તેઓ તળાવમાં ઊંડા ખાડામાં સરકી પડ્યા હતા અને ડૂબી જવાથી તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.ફાયર બ્રિગેડ અને પોલીસની તાત્કાલિક કામગીરીઘટનાની જાણ થતાં જ જામનગર મહાનગરપાલિકાનું ફાયર બ્રિગેડ વિભાગ અને પંચકોષી બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પી.આઈ. રાઠોડ અને તેમની ટીમની આગેવાની હેઠળ ફાયર બ્રિગેડના જવાનોએ બચાવ કામગીરી શરૂ કરી હતી. થોડા જ સમયમાં, પિતા અને તેમના બંને બાળકોના મૃતદેહોને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ, મૃતદેહોને પોસ્ટમોર્ટમ અને અન્ય કાનૂની કાર્યવાહી માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ હાથ ધરી છે.

# ભાદર-૨ ડેમ ૮૦ ટકા ભરાઈ જતાં હેઠવાસના ગામોના લોકોને સાવચેત રહેવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાનો ભાદર-૨ ડેમ વરસાદી પાણીથી ૮૦ ટકા ભરાયેલ હોવાથી રુલ લેવલ જાળવવા પાણી છોડવામાં આવે ત્યારે હેઠવાસના ગામોના લોકોને સૂચના આપવામાં આવેલ છે. જે મુજબ ધોરાજી તાલુકાના ભોળા, ભોલગામડા, છાડવાવદર, સુપેડી, ઉપલેટા, ડુમિયાણી, ચીખલીયા, સમઢિયાળા, ગણોદ, ભીમોરા, ગાઢ, ગણોદ, હાડફોડી, ઈશરા, કુંડેચ, લાઠ, મેળી (મજેઠી), નીલાખા, તેલંગણ, ઉપલેટા સહિતના અસરગ્રસ્ત ગામોના ગ્રામજનોએ નદીના પટમાં અવરજવર ન કરવા ફ્લડ કંટ્રોલ રૂમની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં વૃદ્ધે ગળાફાંસો ખાઈ જીંદગીથી છેડો ફાડયો

## જુદા-જુદા બે સ્થળે યુવાન અને પ્રૌઢાનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર આવેલ માનસત્તા ચોકમાં રહેતા વૃદ્ધે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વૃદ્ધના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં ગોંડલ રોડ પર આવેલ માનસત્તા ચોકમાં રહેતા બિજલભાઈ મીયાત્રા નામના ૭૨



વર્ષના વૃદ્ધે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વૃદ્ધના મોતથી પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી હતી.

આ ઉપરાંત અન્ય બનાવમાં નાગેશ્વર વિસ્તારમાં રહેતા રોનીલભાઈ મુકુલભાઈ વાલંભીયા નામના ૨૭ વર્ષના યુવકનું બેભાન હાલતમાં મોત નીપજ્યું હતું. જ્યારે મીનાજબેન સીરાઝભાઈ જસાણી નામના ૫૧ વર્ષના પ્રૌઢાની શરીરના દુખાવા માટેનું ખાનગી ક્લનીકમાં ઈન્જેક્શન અપાવ્યું હતું. બાદમાં તેમને રસી થઈ જતા પચનાથ હોસિપટલમાં સારવાર માટે લાવતા જ્યાં તેમને શ્વાસની તક્લીફ થઈ જતાં બેભાન હાલતમાં મોત નીપજ્યું હતું. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ચલાવી છે.

# બ્રહ્મસમાજ ચોક પાસે શિવપરામાં યુવાન પર પાંચ શખ્સોનો છરી વડે હીચકારો હુમલો

## બે દિવસ પહેલા મશ્કરી કર્યાનો ખાર રાખી હુમલો કરાયોઃ ત્રણ શખ્સોની પોલીસે કરી અટકાયત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલ બ્રહ્મસમાજ ચોક પાસે જાહેરમાં ગત રાત્રીના યુવાન પર પાંચ જેટલા શખ્સોએ છરી વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી હતી. જાહેરમાં મારામારીનો બનાવ બનતા રાહદારીઓ ઉભા રહી જતા રૈયા રોડ પર લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા અને ટ્રાફિક જામની સમસ્યા સર્જાઇ હતી.

આ અંગેની માહિતી મુજબ રૈયા રોડ પર બ્રહ્મસમાજ ચોક પાસે આવેલ શિવપરા શેરી નં.૧માં વિનુભાઇ જેસંગભાઇ ડાંગર નામના આહિર યુવાને ગાંધીગ્રામ પોલીસમાં રેહાન અસલમ શેખ, સીકંદર કાલાવડીયા, અરમાન અતિયાન, જુનેદ દહેરૂસ સહિત પાંચ શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે રાત્રે ૧૦ વાગ્યે તેનો પુત્ર તેજશ બ્રહ્મસમાજ ચોક પાસે આવેલ શિવશક્તિ બુટ હાઉસની દુકાન પાસે ઉભો હતો ત્યારે બે દિવસ પહેલા મોહમ્મદ જૈહ સાથે મસ્તી કરેલ હોય જે બાબતે જગડો કરી ઉપરોકત શખ્સોએ તેજશને વાતચીત કરવા બોલાવી છરી વડે હુમલો કરી તથા ઢીકાપાટુનો માર મારી પગમાં ગંભીર ઇજા કરી નાસી ગયા હતા. બનાવના પગલે યુવાનને ઇજાગ્રસ્ત હાલતમાં ૧૦૮માં સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસના પીએસઆઇ એસ.એલ.ગોહિલ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી પાંચ પૈકી ત્રણ હુમલા ખોરોને ગણતરીની કલાકોમાં દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

## પિતૃપૂજન અને શ્રાદ્ધ પક્ષ

તા. ૦૮/૯/૨૦૨૫ ભાદરવા વદ ૧ સોમવાર થી તા. ૨૧/૦૯/૨૦૨૫ રવિવાર ભાદરવા વદ ૩૦ શ્રાદ્ધ પક્ષ

| તિથિ/શ્રાદ્ધ | તારીખ | વાર |
|---|---|---|
| ૧ | ૦૮/૯ | સોમ |
| ૨ | ૦૯/૯ | મંગળ |
| ૩&૪ | ૧૦/૯ | બુધ |
| ૫ | ૧૧/૯ | ગુરુ |
| ૬ | ૧૨/૯ | શુક્ર |
| ૭ | ૧૩/૯ | શનિ |
| ૮ | ૧૪/૯ | રવિ |
| ૯ | ૧૫/૯ | સોમ |
| ૧૦ | ૧૬/૯ | મંગળ |
| ૧૧ | ૧૭/૯ | બુધ |
| ૧૨ | ૧૮/૯ | ગુરુ |
| ૧૩ | ૧૯/૯ | શુક્ર |
| ૧૪ | ૨૦/૯ | શનિ |
| ૧૫/30 | ૨૧/૯ | રવિ |

તિથિ નોંધ.
૩ અને ૪ ભેગા છે
૯... સૌભાગ્યવતી સ્ત્રી શ્રાદ્ધ
૧૨..સન્યાસીનું શ્રાદ્ધ
૧૪.. શસ્ત્રપીડિતનું શ્રાદ્ધ
30.. સર્વપિતૃ અમાસ અને પૂનમ અમાસ શ્રાદ્ધ

**ડૉ. હેમીલ પી લાઠીયા (જ્યોતિષચાર્ય)**

# ગીર ગઢડાના ધોકડવામા પી.એચ.સી કેન્દ્રનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર ગઢડા તાલુકાના ધોકડવા મુકામે રૂ.૧કરોડ ૩૫ લાખના ખર્ચે તૈયાર થનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત સાંસદ સભ્ય તેમજ ધારાસભ્યની વિશેષ ઉપસ્થિતમાં કરવામાં આવ્યું.આજરોજ ગીરગઢડા તાલુકાના ધોકડવા મુકામે જુનાગઢ-ગીર સોમનાથ જીલ્લાના માનનીય સાંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમા તેમજ ઉનાના માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ સાહેબના વરદ હસ્તધોકડવા ગામે રૂ. ૧ કરોડ ૩૫ લાખના ખર્ચે તૈયાર થનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ધોકડવા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ થવાથી ગ્રામીણ વિસ્તારના લોકોને વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પડશે. તેમજ લોકોની સુખાકારીમાં પણ વધારો થશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા, પૂર્વ ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, ગીરગઢડા તાલુકા ભાજપ મહામંત્રી કે.સી.રાજપુત, સરપંચ કાંતિભાઈ માળવી, જીલ્લા પંચાયતના સદસ્યશ્રી દકુભાઈ દોમડીયા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પ્રતિનિધિ ભીખાભાઈ કીડેચા, તાલુકા પંચાયતના સદસ્ય દુલાભાઈ ગુર્જ્જર તેમજ ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# “નેશનલ સ્પોર્ટ્સ ડે“ સેલિબ્રેશન અંતર્ગત પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વોલીબોલ અને રસ્સા ખેંચની સ્પર્ધા યોજાઇ

### ૧૭૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધોઃ પોલિસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને કલેક્ટર ડૉ ઓમ પ્રકાશે પણ વોલીબોલની રમત પર હાથ અજમાવ્યો





**મુખ્ય સમાચાર, જામનગર**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા હોકીના જાદુગર કહેવાતા મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ ‘‘નેશનલ સ્પોર્ટ્સ ડે’’ અંતર્ગત પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વોલીબોલ અને રસ્સા ખેંચની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ, કોર્પોરેશન, જિલ્લા પંચાયત તથા કલેક્ટર કચેરીની પુરુષ ટીમ અને મહિલા ટીમની ચાર-ચાર ટીમો વચ્ચે સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં અંદાજિત ૧૭૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

રસ્સા ખેંચની રમત ખુબ જ રસાકસીભરી રહી હતી. પોલીસ હેડ ક્વાર્ટરના મેદાનમાં એક મજબૂત દોરડું લંબાવેલું હતું. બંને બાજુ ખેલાડીઓ દોરડું પકડીને ઊભા હતા, એક બાજુ જિલ્લા કલેક્ટરની ટીમ અને બીજી બાજુ જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ હતી. આજુબાજુમાં અધિકારીઓ અને બીજા સ્પર્ધકો રમતવીરોને પ્રોત્સાહિત કરી રહ્યા હતા. વ્હિસલ વગતની સાથે જ શરૂ થઈ ‘‘ટગ ઓફ વોર‘‘ની રમત. બે ટીમો વચ્ચે રસ્સાનું ખેચાણ વાસ્તવમાં શક્તિ, એકતા અને ઇચ્છાશક્તિનો સંઘર્ષ હતો. અંતે જિલ્લા કલેક્ટરની મહિલા ટીમ જીતી ગઈ હતી.

વોલીબોલની રમત શરૂ થતાં પહેલા પોલિસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશે પણ વોલીબોલની રમત પર હાથ અજમાવ્યો હતો અને ખેલાડીઓનું મનોબળ વધાર્યું હતું.

રાજકોટમાં યોજાયેલ વોલીબોલની રમત એકદમ જોમ અને જુસ્સાભરી રહી હતી. બે ખાસ ટીમો એકબીજા સામે ઊભી રહી – એક તરફ રાજકોટ જિલા કલેક્ટરની ટીમ અને બીજી તરફ રાજકોટ શહેર પોલીસની ટીમ. દર્શકોની આંખો આ રોમાંચક મુકાબલાને જોવા તલપાપડ હતી. રમત શરૂ થતાં જ બોલ જોરથી ફેંકાયો અને દીવાલ સાથે અથડાઈને અચાનક દિશા બદલી. કલેક્ટરની ટીમે ઝડપથી બોલને સંભાળ્યો, પરંતુ પોલીસ ટીમના ખેલાડીએ તરત જ સ્માર્ટ મૂવ કરીને પોઈન્ટ મેળવી લીધા હતા. મેદાનની બહારથી ‘‘કલેક્ટર સાહેબની ટીમ!’’, ‘‘શહેર પોલીસ જીતશે!’’ – આવા અવાજોથી વાતાવરણ જુસ્સામાય બની ગયું હતું. ખેલાડીઓ પરસેવાથી તરબતર થઈ ગયા, પણ તેમના ચહેરા પર જીતનો જુસ્સો ઝળહળતો રહ્યો હતો.

આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર એ. કે. ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારી આનંદુ સુરેશ ગોવિંદ, રિજીઓનલ મ્યુનિસિપલ કમિશનર મહેશ જાની, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશનર સજ્જન સિંહ પરમાર, રાકેશ દેસાઇ અને જગદીશ બાંગરવા સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# “નેશનલ સ્પોર્ટ્સ ડે“ અન્વયે યોજાયેલા સાયકલ ઓન સન્ડે કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ સાયકલીસ્ટો જોડાયા

### સાયક્લિંગ દ્વારા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનમાં જોડાવા અપીલ કરતા મહાનુભાવો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા હોકીના જાદુગર કહેવાતા શ્રી મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે ઉજવાતા ‘‘નેશનલ સ્પોર્ટ્સ ડે’’ અંતર્ગત ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન અન્વયે રાજકોટ મહાનગર તથા તમામ ૬ નગરપાલિકા કક્ષાએ સાયકલ ઓન સન્ડેનું આયોજન કરવામા આવ્યું હતું.

રાજકોટ મહાનગર પાલિકા વિસ્તારના બહુમાળી ભવન ખાતેથી રેસકોર્સ રિંગરોડ ફરતે સાઇક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૂલ ૨૫૦ થી વધુ સાયકલીસ્ટો જોડાયા હતા. આ સાઇક્લોથોનનું પ્રસ્થાન મહાનુભાવોએ ફ્લેગ ઓફથી કરાવ્યું હતું. સાઇક્લોથોનને લઈને લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજકોટના રેસકોર્સ રિંગરોડ પર દરરોજ સવારે વૉકિંગ-રનિંગ-જોગિંગ કરતાં લોકોએ હાથ હલાવીને સાયકલીસ્ટોનું અભિવાદન કર્યું હતું, જેનાથી સાયકલીસ્ટોનો જુસ્સો બેવડાયો હતો.

આ પ્રસંગે રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમિન ઠાકર,અગ્રણી મૌલેશ ઉકાણી, માધવ દવે, મનીષ રાડીયા, જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ, રિજીઓનલ મ્યુનિસિપલ કમિશનર મહેશ જાની, નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, રમત વિકાસ અધિકારી રમા મદ્રા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ,રાજકોટ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાઈ

### ગ્રામ્ય પાણી પૂરવઠાને લગતા રૂ. ૩૪.૬૧ લાખના કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં ગ્રામ્ય પાણી પૂરવઠા યોજનાના અન્ય વિભાગોના પાણીને લગતી યોજનાઓના રૂ. ૩૪.૬૧ લાખના ૧૦ ગામના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં વોટર રિજુવિનેશનના બાકી કામોની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ કામોને ગતિમાન બનાવવા કલેક્ટર દ્વારા સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની પૂરતી ઉપલબ્ધતા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ડી.આર.ડી.એ. નિયામક એ.કે. વસ્તાણી, રૂડાના સી.ઈ.ઓ. ગૌતમ મિયાણી, કાર્યપાલક ઈજનેર એ.આર. ગોહિલ તથા પી.એમ. પરમાર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં સૈન્ય, સશસ્ત્ર દળોના ગણવેશના વેચાણ પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર તથા જિલ્લામાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનુ વેચાણ તથા તેના ઉપયોગ થકી થઇ શકતી દેશદ્રોહી કે ગેરકાયદે પ્રવૃત્તિ પર નિયંત્રણ કરવાના આશયથી રાજકોટ શહેર પોલિસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ, રાજકોટ શહેર પોલીસ કમિશનરના વિસ્તારમાં સૈન્ય, સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સમાનતા ધરાવતા વસ્ત્રોના વેચાણ તથા તેના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ જાહેરનામું તા. ૦૧/૦૯/૨૦૨૫થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, તથા તેનું ઉલ્લંઘન કરનાર દંડને પાત્ર થશે.

# રાજકોટ શહેરમાં પરવાનગી વગર ચાર કરતા વધુ લોકોના ભેગા થવા તેમજ સભા-સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં આગામી દિવસોમાં યોજાનારા ધાર્મિક શોભાયાત્રાઓ અને તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમો તેમજ આતંકવાદી પ્રવૃતિઓને ધ્યાને લઈને સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, તે માટે પરવાનગી વગર જાહેર જગ્યા ખાતે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, સભા બોલાવવા કે ભરવા ઉપર અને સરઘસ કાઢવા ઉપર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ પ્રતિબંધ જાહેર કર્યો છે.

આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા. ૦૧/૦૯/૨૦૨૫થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ આદેશ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં. હુકમનો ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર છે.

# રાજકોટ ગ્રામ્ય કલા મહાકુંભ તથા રાજકોટ નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન

### ૬૦૦ થી વધુ કલાકારો ૩ દિવસમાં રાજકોટને કલાના રંગે રંગી દેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,રાજકોટ દ્વારા રાજકોટ ગ્રામ્ય કલા મહાકુંભ સ્પર્ધાનું આયોજન તા. ૦૧/૦૯/૨૦૨૫ થી ૦૩/૦૯/૨૦૨૫ સુધી બપોરે ૦૩.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. જેમાં ૧૪ ટીમના કુલ ૨૮૦ કલાકારો ભાગ લેનાર છે.

રાજકોટ શહેર કક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા તા.૦૨/૦૯/૨૦૨૫ ના સમય સાંજે ૪ કલાકે હેમુ ગઢવી નાટ્યગૃહ, ટાગોર માર્ગ, રાજકોટ ખાતે યોજાશે. જેમાં ૧૮ ટીમના કિલ ૩૬૦ કલાકારો ભાગ લેનાર છે. બંને સ્પર્ધામાં કૂલ મળીને ૬૦૦ થી વધુ કલાકારો ભાગ લેશે.

ઉપરોક્ત સ્પર્ધામાં જે સંસ્થાના કલાકાર ભાઈઓ - બહેનોએ ફોર્મ ભાગ લીધો હોય તેમણે સ્પર્ધામાં સમયસર હાજર થવાનુ રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે રાજકોટની કલાપ્રેમી જનતા ઊપસ્થિત રહી શકશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# તેલીબિયાં પાકો સંદર્ભે વિવિધ યોજના અન્વયે ઓનલાઈન અરજીઓ આઈ ખેડૂત પોર્ટલ પર કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખેડૂતો માટે રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે. જે અન્વયે સરકારની કેન્દ્ર પુરસ્કૃત NMEO-OILSEED યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં સરકારી અથવા ઈન્ડસ્ટ્રીઝ અથવા એફ.પી.ઓ. અથવા સહકારી સંસ્થાઓ અથવા વેલ્યુ ચેઈન પાર્ટનરને આ યોજના હેઠળના તેલી બિયાં પાકોના પ્રોસેસિંગ માટેની મશીનરી અને ઓઈલ એક્સટ્રેકશન યુનિટમાં સહાય મેળવવા માટે તા.૦૩/૦૯/૨૦૨૫ સુધી આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ પર ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. ખેડૂતોને ઓનલાઈન અરજી કરવા માટે રાજકોટ જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# મકાન ભાડે આપતા પહેલા ભાડુઆતની સંપૂર્ણ વિગતો પોલીસમાં આપવાના આદેશો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા અને બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા અને કોઈનું મકાન ભાડે રાખીને રહેતા અસામાજિક તત્વોની અનિચ્છનીય પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા માટે રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજ ભાડે આપતા માલિકો માટે રાજકોટના પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમ ફરમાવેલ છે.

કોઈ ઔદ્યોગિક એકમો/ મકાનો/ ઓફિસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજના માલિક અગર તો આ માટે આવા એકમના મકાનમાલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિઓ/સંચાલકો જયારે ઔદ્યોગિક એકમો/ મકાનો/ ઓફિસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધિત પોલિસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યખક્તિને ભાડે આપી શકશે નહીં. ભાડે આપનાર તથા રાખનાર વ્યક્તિએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાર કરાવવાના રહેશે. ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને જેઓએ ભાડુઆતની ઓળખાણ આપી હોય તે તમામની જરૂરી વિગતો નિયત કરેલા પત્રકમાં જરૂરી માહિતી ભરી સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાનું રહેશે. આ હુકમ સમગ્ર રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૦૧/૦૯/૨૦૨૫થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટ શહેરમાં ATM, મોલ સહિતના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરમાન

### રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા જાહેરનામું જારીઃ ઉલ્લંઘન બદલ દંડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં એ.ટી.એમ., મોલ, રેસ્ટોરાં સહિતના સ્થળે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામા મારફત ફરમાન કર્યું છે.

શહેર પોલીસ કમિશનરના જાહેરનામામાં જણાવાયા મુજબ, તમામ બેંકો, તમામ એ.ટી.એમ.સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ડાયમંડના ઝવેરાત વેચનાર દુકાનો, શોરૂમ, તથા શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટર, કોમર્શીયલ સેન્ટર, કોમર્શિયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરાં, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બૉર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, આંગડિયા પેઢીના વ્યવસાયિકો તથા હોટેલ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોના પ્રવેશદ્વારો ઉપર પુરતા પ્રમાણમાં તાલીમબદ્ધ સિક્યોરિટી ગાર્ડને મેટલ ડીટેક્ટર સાથે ફરજ પર નિયુકત કરવાના રહેશે. ઉપરાંત પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર પર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગ તથા જાહેર જનતા માટેના પ્રવેશની તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં ગેઈટવાઈઝ સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય અને વાહનના નંબર વાંચી શકાય તેવા તથા બિલ્ડીંગના બહારના ભાગે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે. આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સાચવવાના રહેશે. આ કેમેરા સતત ૨૪ કલાક સુધી ચાલુ રહે, તે જોવાની જવાબદારી માલિકો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓની રહેશે. પોલીસ દ્વારા જ્યારે જયારે સી.સી.ટી.વી. ફૂટેજ માંગવામાં આવે ત્યારે ત્યારે કોઈપણ પ્રકારના વિલંબ વગર સી.સી.ટી.વી. ફૂટેજ આપવાના રહેશે.

મોલ પાર્કિંગમાં વાહન, પેસેન્જર, સામાન ચેકિંગ તેમજ મોલમાં આવનાર લોકો અને તેમના સામાનની પ્રવેશદ્વારે ચકાસણીની વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી મોલ માલિકની રહેશે. મોલ માલિકોએ પ્રતિબંધિત સામાન, સ્ફોટક પદાર્થો ન આવે તે કાળજી રાખવા તથા તે માટે સ્નિફર ડોગની વ્યવસ્થા રાખવા જણાવાયું છે. સી.સી.ટી.વી. કેમેરાની અને સિકયોરિટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉકત એકમોએ આ જાહેરનામાની પ્રસિધ્ધિથી દિન-૭માં કરવાની રહેશે. નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે. આ આદેશો તા. ૦૧/૦૯/૨૦૨૫થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટ શહેરમાં હથિયારબંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી દિવસોમાં જુદી જુદી ધાર્મિક શોભાયાત્રાઓ તથા ધાર્મિક તહેવાર અને રેલી/ ધારણાના કાર્યક્રમો દરમ્યાન જાહેર શાંતિનો ભંગ ન થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ તા.૦૧/૦૯/૨૫થી તા.૩૧/૧૦/૨૫ સુધી સમગ્ર રાજકોટ શહેરમાં શસ્ત્રો, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારીરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો જાહેરમાં લઇ જવાની કે જાહેરમાં સાથે રાખીને ફરવા ઉપર, પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઇ જવા, કોઇ પણ શરીરને હાનિકારક પહોંચાડે તેવો સ્ફોટક પદાર્થ લઇ જવા, પથ્થરો અથવા બીજા શસ્ત્રો, ફેંકવાના અથવા નાખવાના યંત્રો, સાધનો લઇ જવાની તથા એકઠા કરવા, તૈયારી કરવા પર, સરઘસ સાથે સળગતી મસાલ રાખવા, વ્યકિતના પુતળા બાળવા, લટકાવવા, પુતળાને ફાંસી આપવા પર, પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઇ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા, જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા, તથા વાદ્ય વગાડવા, જીગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેંચાણ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા, ચિત્રો- નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ કે વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી કે તેનો ફેલાવો કરવાથી સુરૂચિ ભંગ થતો હોય કે રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા કાર્યો કરવાની મનાઈ ફરમાવી છે.

આ હુકમો જે વ્યકિતઓ સરકારી/અર્ધસરકારી નોકરીની કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેને, પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇ પણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને, સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.


# RTIની માહિતી ન આપવી ભારે પડીઃ બાવળા પાલિકાના ચીફ ઓફિસરને ૧૫ હજારનો દંડ

### સામાજિક કાર્યકર દ્વારા વર્ષ ૨૦૨૪માં માહિતી માંગવામાં આવી હતીઃ ૩૦ દિવસમાં તેમના ભંડોળમાંથી અથવા પગારમાંથી રકમ કપાત કરી ભરવાનો હુકમ કરાયો


**મુખ્ય સમાચાર, બાવળા**

બાવળા શહેરમાં એક અરજદાર દ્વારા બાવળા નગરપાલિકાના જાહેર માહિતી અધિકારી ચીફ ઓફિસર પાસે ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪નાં રોજ જાહેર માહિતી અધિકાર અધિનિયમ- ૨૦૦૫ મુજબનાં કાયદા અન્વયે માહિતી માગતી અરજી કરી હતી. જેમાં જાણવામાં આવ્યું હતુ કે બાવળા નગરપાલિકા કચેરીમાં ૨૦૨૨-૨૩થી ૨૦૨૪ કરવામાં આવેલા તમામ ઠરાવની સંપુર્ણ માહિતીની પ્રમાણિત કોપી આપવી જે અંગે તા.૩૦/૮/૨૪નાં રોજ બાવળા નગર સેવા સદનમાં સાંજે ૪-૩૦ કલેક્ટર દ્વારા સંકલન મીટિંગ કરી હતી. તેમાં વરસાદી પાણી નિકાલ કરવા બાબતે જે કાંઈ માહિતી કે સજેશન આપેલા હોય તેની સંપૂર્ણ માહિતી અને પ્રમાણિત નકલની માગણી કરી હતી. નગરપાલિકા તથા કોન્ટ્રાક્ટર દ્વારા જે કાંઈ ખર્ચ કરવામાં આવેલો હોય તેની સંપૂર્ણ માહિતી કાયદા મુજબ માંગી હતી. જેમાં તે સમયના ચીફ ઓફિસરે સમય મર્યાદામાં માહિતી પૂરી ના પાડતા અરજદારે ૩૦ ડિસેમ્બરે પ્રથમ અપીલ કરી હતી. જે અંગે પ્રથમ અપીલ અધિકારી દ્વારા જાહેર માહિતી અધિકારીએ હુકમ મળ્યા તારીખથી ૧૫ દિવસમાં માહિતી પૂરી પાડવા હુકમ કર્યો હતો પરંતુ તે મુજબ પણ કોઈ માહિતી પૂરી પાડવામાં ના આવતા તે અંગે બીજી અપીલ ૬ ફેબ્રુઆરીએ રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર કરી હતી. જેમાં ૩૧ જુલાઈનાં રોજ સુનાવણીમાં અરજદાર હાજર રહ્યા હતાં પરંતુ જાહેર માહિતી અધિકારી અને બાવળા ચીફ ઓફિસર હાજર રહ્યા નહોતા. આ સંજોગોમાં કલમ-૨૦(૧) હેઠળ કાર્યવાહી કરવાની થતી હોવાથી ખુલાસો ૫ દિવસમાં મોકલી આપવાની સૂચના આપી હતી. જેથી ચીફ ઓફિસર દ્વારા આયોગને ૩૧ જુલાઈની સુનાવણીમાં ગેરહાજરી અંગેનો ખુલાસો કર્યો હતો અને આયોગ દ્વારા જાહેર માહિતી અધિકારીને અરજદારને શા માટે સમય મર્યાદામાં જવાબ આપવામાં આવ્યો નથી તે અંગે ખુલાસો કરવા જણાવ્યું હોવા છતાં આયોગ સમક્ષની સુનાવણીમાં જાહેર માહિતી અધિકારીને માહિતી ન આપવાની બેદરકારી રાખવા માટે હાલના ચીફ ઓફિસર આકાશ પટેલને જવાબદાર ઠેરવીને કલમ-૨૦(૧) હેઠળ રૂ. ૧૫,૦૦૦ નો દંડ કર્યો હતો.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રદેશ પ્રેરીત હેલ્થ હોસ્પીટલ કમિટિના રાજકોટ શહેર ઉપપ્રમુખપદે કિરણ મકવાણા, મહામંત્રી પદે જીતેન્દ્ર વાણીયાની નિયુકતી



કિરણ મકવાણા



જીતેન્દ્ર વાણિયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અમિતભાઈ ચાવડાની મંજુરીની અપેક્ષાએ માનવ સેવા, દર્દી સેવા કરવાના ઉદેશથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની હેલ્થ એન્ડ હોસ્પીટલ કમિટિમાં રાજકોટ શહેર ઉપ પ્રમુખપદે કિરણ મકવાણા, મહામંત્રી પદે જિતેન્દ્ર વાણીયાની નિમણુંક કરવામાં આવી છે.

હોસ્પિટલમાં આવતા શ્રમજીવી, ગરીબ, નિરાધાર દર્દીઓને મદદરૂપ, સહાયરૂપ માર્ગદર્શક અને રાહબર બની માનવ સેવાની સુંદર કામગીરીથી કોંગ્રેસપક્ષની પ્રતિષ્ઠામાં વધારો કરવા તેઓની નિમણુંક કરાય છે. તેઓની આ નિમણુંક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રેરીત હેલ્થ એન્ડ હોસ્પીટલ કમિટિના ચેરમેન ભીખુભાઈ દવે, હેમાંગભાઈ વસાવડા-જી.પી.સી.સી. વાઈસ પ્રેસીડેન્ટ, હેલ્થ હોસ્પીટલ કમિટિ રાજકોટ શહેર પ્રમુખ ગીરીશ વાણીયા, અમનભાઈ ગોહેલ, જગદીશ સાગઠીયા, હિરેન મકવાણા, નરેશ પરમાર સહીતનાઓએ ઉપપ્રમુખ કિરણ મકવાણા મો. ૯૬૩૮૫ ૫૩૬૭૮, મહામંત્રી જીતુ વાણીયા મો. ૯૮૨૫૯ ૧૮૧૮૫ અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી હતી.

# મહીકા ગામે ઝેરી દવા પી પ્રૌઢનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મહીકા ગામે ૫૫ વર્ષી ય પ્રૌઢે ઝેરી દવા ગટગટાવી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ટૂંકી સારવારમાં જ તેઓએ દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી હતી. મળતી માહિતી મુજબ, મહીકા ગામે રાધિકા રેસીડેન્સી ગેટ નં ૨ માં રહેતા ૫૫ વર્ષી ય કરમણભાઈ પાંચાભાઈ ચૌહાણ નામના પ્રૌઢે શનિવારે સાંજના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. દવા પીધા બાદ તેઓને ઉલટી થતાં ઘરની બહાર બેઠેલા પરિવારના સભ્યો અંદર આવ્યા હતા અને જોતા રૂમમાં દવાની બોટલ પડી હતી. કરમણભાઈને તત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવારમાં જ દમ તોડી દીધો હતો.

ઘટના અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

વધુમાં મૃતક માર્કેટિંગ યાર્ડમાં મજૂરી કામ કરતા હતા તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. ત્યારે તેમણે ક્યાં કારણસર આ પગલું ભર્યું તે સામે ન આવતા પોલીસે તપાસ યથાવત રાખી છે.

# ગુમશુદાની ભાળ આપવા અંગે

રાજકોટના મોરબી રોડ વેલનાથ પરાની સામે શ્રી ગણેશ પાર્ક વિસ્તારના રહેવાસી ખુશાલભાઈ ભરતભાઈ લાખાણીના બહેન તા.૨૧/૦૮/૨૦૨૫ના રોજ સાંજે ૬.૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા છે. ગુમશુદા બહેનની ભાળ મળે તો રાજકોટ શહેર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનના ૬૩૫૯૬૨૯૮૬૭ ફોન નંબર પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સ્થાનિક પોલીસે ઉછેરીને મોટા કરેલા બુટલેગરો બન્યા બેકાબુઃ ક્રાઇમ બ્રાન્ચની ફરજમાં કરી રૂકાવટ...!

## પોલીસને મહિને મોટો વહીવટ ચૂકવી બેફામ દેશીનો વેપલો કરતા બૂટલેગરો પર ક્રાઇમ બ્રાન્ચની ધોસઃ કુબલીયાપરામાં પોલીસની ફરજમાં રૂકાવટ કરનાર ૯ શખ્સો સામે ફરીયાદઃ બેની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે આવેલા સંવેદનશીલ વિસ્તારોમાં સ્થાનિક પોલીસની રહેમરાહે દેશી-વિદેશી દારૂનો વેપલો ચલાવતા અને સ્થાનિક પોલીસે મહિને મોટો વહીવટ લઇ ઉછેરીને મોટા કરેલા બુટલેગરો હવે ક્રાઇમ બ્રાન્ચને પણ હવે ગણકારતા ન હોય તેવી ઘટના પ્રકાશમાં આવતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામ્યો છે.

થોરાળા વિસ્તારમાં સુષુપ્ત અવસ્થતામાં રહેલી સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ક્રાઇમ બ્રાન્ચની ટીમે અનેક દેશી-વિદેશી દારૂના હાટડા પર દરોડા પાડવાની કામગીરી કરવામાં આવી હતી. ત્યારે કુબલીયાપરામાં નામચીન દેશી દારૂના બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડી પોલીસે ૨૦૦ લીટર આથો, દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી, ૨૬ લીટર દેશી દારૂ, કાચો આથો અને દેશી દારૂ બનાવવાના સાધનો સહિત રૂ.૧૫૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બે દિવસ પહેલા ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયા, પીઆઇ એમ.એલ.ડામોર અને પીઆઇ ચીરાગ જાદવની સુચનાથી દેશી-વિદેશી દારૂના હાટડા પર દરોડા પાડવા અંગે ડ્રાઇવ રાખવામાં આવી હતી. ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ વી.ડી.ડોડીયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ. જયરાજસિંહ કોટીલા, દિલીપભાઇ બોરીચા, વિશાલભાઇ દવે સહિતનો સ્ટાફ ભાવનગર રોડ, ચુનારાવાડ ચોક પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, અગાઉ અનેકવાર પોલીસ ચોપડે ચડી ચુકેલો નામચીન દેશીદારૂનો બુટલેગર વિજય ઉર્ફે રૂડી રાજેશ પરમાર નામનો શખ્સ કુબલીયાપરામાં દેશીદારૂની ભઠ્ઠી ઉતારી રહ્યો હોવાની હકિકતના આધારે ક્રાઇમ બ્રાન્ચની ટીમ ઉપરોકત સ્થળે દોડી જઇ પડતર ખંડેર જેવા મકાનમાં દરોડો પાડતા દેશી દારૂની ચાલુ ભઠ્ઠી મળી આવી હતી. જેમાં દેશી દારૂ ૨૬ લીટર, કાચો આથો ૨૦૦ લીટર, બળેલો આથો ૮૦ લીટર તથા દારૂ બનાવવાના સાધનો સહિત કુલ ૧૫ હજારનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ સમયે નામચીન બુટલેગર વિજય ઉર્ફે રૂડી ઉપરોકત સ્થળેથી નાસી ગયો હતો. આ સમયે પોલીસે તેના રહેણાંક મકાને વિજય ઉર્ફે રૂડીને પકડવા જતા આ શખ્સે પોતાના મકાનની દિવાલમાં માથા ભટકાળી આપધાત કરવાનો પ્રયાસ કરી પોલીસથી બચવા અને ધરપકડ ન થાય તે માટે બે મહિલા સહિત ૯ શખ્સોએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી ગેરકાયદે મંડળી બનાવી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા પોલીસની ફરજમાં રૂકાવટ કરી સાથે રહેલા પંચોના માણસોને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરીયાદ ક્રાઇમ બ્રાન્ચમાં નોંધાઇ છે.



### થોરાળા પોલીસ સ્ટેશનમાં લુખ્ખાઓ અંગે રજૂઆત કરવા છતાં પોલીસે આંખ આડા કાન કર્યા...?



પત્રકારે કરેલી અરજી પર થોરાળા પોલીસે કાર્યવાહી કરી હોત તો લુખ્ખાઓની ગણેશ પંડાલ પર સોડા બોટલના ઘા કરવાની હિમ્મત ન થઇ હોત

મુખ્ય સમાચાર રાજકોટ

શહેરમાં સંવેદનશીલ માનવામાં આવતા થોરાળા વિસ્તારમાં છાશવારે હત્યા, હત્યાની કોશિષ, લૂંટ, અપહરણ, મારામારી જેવા બનાવો છાશવારે બનતા હોય છે. પરંતુ ભુતકાળમાં એક સમય એવો હતો કે થોરાળા પોલીસ સ્ટેશનમાં પીઆઇ તરીકે એસ.એન.ગઢવે નીમણુંક કરવામાં આવ્યા બાદ થોરાળા વિસ્તારમાં ગુન્હેગારો ખો ભુલી જઇ ભુર્ગભમાં ઉતરી ગયા હતા. પરંતુ આજે પરિસ્થિતિ આ વિસ્તારમાં કંઇક અલગ જ ઉપસી આવે છે. અધિકારીઓ વિસ્તારમાં કોઇ જગ્યાએ નજરે નહીં પડતા ગુન્હેગારોને આ વિસ્તારમાં મોકળુ મેદાન મળી ગયું હોય તેમ છાશવારે જાહેરમાં મારામારી કે લુખ્ખાગીરી કર્યાના બનાવો આમ બન્યા છે.

ગઇકાલે વહેલીસવારે નવા થોરાળામાં આવેલ ન્યુ સર્વોદય સોસાયટી મેઇન રોડ પર સત્યમપાર્કની બાજુમાં લુખ્ખા તત્વોને ગણેશ પંડાલની બાજુમાં સરકારી બાકડા પર નશો કરવાની ના કહેનાર ગણેશ પંડાલના સંચાલક અજયભાઇ દાફડા પર કેટલાક લુખ્ખાઓએ હુમલો કરી ગણેશ પંડાલની બહાર રાખેલ ખુરશીઓમાં તોડફોડ કરી સોડા બોટલના ઘા કર્યાની હિચકારી ઘટના બનવા પામી હતી. પરંતુ અગાઉ ગઇ તા.૧૪-૮ના રાત્રીના સમયે આ ન્યુ સર્વોદય સોસાયટી મેઇન રોડ પર નસેડીઓ અને લુખ્ખા તત્વો ડેરાતંબુ તાણીને બેઠા હોય તથા મોડી રાત્રે એક્ટિવા પર એક યુવક અને એક યુવતી જાહેરમાં કામકિડા કરતા હોય અને આ રોડ પરથી સોસાયટીની બહેન-દિકરીઓને રાત્રીના સમયે વોકિંગ કરવા નિકળતી હોય ત્યારે સરમ અનુભવી પડતી હોય અને ન છૂટકે ન જોવાના આવા દ્રશ્યો સામે આવતા હોય જેથી આ વિસ્તારના જાગૃત પત્રકાર દ્વારા શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં આ અંગે જાણ કરવામાં આવી હતી અને થોરાળા પોલીસ મથકે પણ જાણ કરવામાં આવતા હાજર મહિલા પીએસઆઇ દ્વારા એમ જણાવવામાં આવ્યું હતું કે, તમે રૂબરૂ પોલીસ સ્ટેશન આવી તમારી ફરીયાદ આપી જાવ એટલે પોલીસ કાર્યવાહી કરશે. મહિલા પીએસઆઇના આ શબ્દો સાંભળી જાગૃત પત્રકાર તાબડતોબ એક જ સમયે તાત્કાલીક પોલીસ સ્ટેશન ખાતે પહોંચી જઇ લેખીતમાં તારીખ ૧૪-૮-૨૦૨૫ના અરજી આપી હતી. પરંતુ થોરાળા પોલીસના સ્ટાફે આ અંગે કોઇ નક્કર કાર્યવાહી કરી ન હતી અને પત્રકારની અરજીને જાણે અભેરાયે ચડાવી દીધી હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો હતો.

પત્રકારની અરજી પર જો થોરાળા પોલીસે ગંભીરતાને ધ્યાને લઇ આ વિસ્તારમાં પોલીસનું પેટ્રોલિંગ વધાર્યુ હોત તો ગઇકાલે લુખ્ખાઓએ ગણેશ પંડાલના સંચાલક પર હુમલો કર્યો અને ગણેશ પંડાલ પર સોડા બોટલના ઘા કર્યા તે ઘટના બનવા પામી ન હોત.

પોલીસે નામચીન બુટલેગર વિજય ઉર્ફે રૂડી સહિત બે શખ્સોની અટકાયત કરી નાસી ગયેલ બે મહિલા સહિત અન્ય શખ્સોની શોધખોળ આદરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોરાળા વિસ્તારમાં લુખ્ખા તત્વો તો બેફામ બન્યા છે સાથેસાથે સ્થાનિક પોલીસે મસમોટા હપ્તા લઇ ઉછેરીને મોટા કરેલા બુટલેગરો પણ બિફર્યા હોય અને પોલીસની ફરજમાં રૂકાવટ કરવાની હિમ્મત આવી હોય તેવું છડેચોક ચર્ચાઇ રહ્યું છે.

# તેરા તુજકો અર્પણઃ પોલીસે અરજદારોને નાણા અને મોબાઇલ પરત કર્યા

## ફ્રોડમાં રૂપિયા ગુમાવનાર અને ખોવાયેલા મોબાઈલ માલીકોને મુદ્દામાલ પરત મળતા પોલીસનો આભાર માન્યો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદારો/ફરીયાદીને તેમનો મુદ્દામાલ સમયસર પરત મળી જાય તે માટે કાર્યવાહી કરવા અભિયાન ચલાવવા આવેલ છે. જેના ભાગરૂપે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા, મદદનીશ પોલીસ કમિશ્નર સી.એમ.પટેલ દ્વારા અરજદાર/ફરીયાદીના સાયબર ફ્રોડમા ગયેલ નાણા પરત આપવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય.


જે અન્વયે રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર જે.એમ.કૈલા, એમ.એ.ઝણકાત, બી.બી.જાડેજા, એસ.ડી.ગીલવા પી.આર.ડોબરીયાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોના નાણા કોર્ટ કાર્યવાહી દ્વારા પરત અપાવવાની કામગીરી કરેલ છે. જે અંતર્ગત માહે-૦૮/૨૦૨૫ ના માસમાં

સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા સાયબર ફ્રોડના ભોગબનનાર ફરીયાદી/અરજદારો ને કુલ-રૂ. ૨૪,૧૫,૫૮૯ રકમ પરત અપાવેલ છે.

માલાવીયાનગરના પીઆઇ જે.આર.દેસાઈના માર્ગદર્શન હેઠળ સાઈબર ક્રાઈમ સ્કોડના પી.એસ.આઈ. પી.વી. ડોડીયા તથા લોક રક્ષક જયભાઈ રસિકભાઈ તથા લોકરક્ષક રણજીતસિંહ હેરાને સહિતના તમામ તા. પાલીક દિનેશભાઈ નાઓએ માલવીયાનગર પોલીસ સ્ટેશન ખાતે તપાસ અર્થે આવેલ સાઈબર ક્રાઈમને લગત ઓનલાઈન અરજીઓની તપાસ દરમ્યાન અરજદરોના અલગ-અલગ રીતે ઓનલાઈન ફ્રોડમાં ગયેલ રૂપીયા અરજદારોને પરત અપાવવા સારૂ અરજદારોના રૂપીયા જે એકાઉન્ટમાં ગયેલ હોય તે એકાઉન્ટને તાત્કાલીક સીઝ કરી અરજદારના ઓનલાઈન ફ્રોડમાં ગયેલ રૂપીયા અરજદારોને પરત અપાવેલ હોય તેમજ ઈઊઈછ પોર્ટલની કામગીરી કરતા પોલીસ હેડ કોન્સ. કિશોરસિંહ પ્રવીણસિંહ ઝાલા નાઓએ માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અરજદારોના ગુમ થયેલ મોબાઇલ ફોનની અરજી આધારે CEIR$ પોર્ટલની મદદથી તેમજ ટેકનીકલ રીતે મહેનત કરીને કુલ ૨૩ અરજદારઓના મોબાઇલ ફોન પરત અપાવેલ છે.

# સાધુ વાસવાણી રોડ પર સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

## બિહાર અને રાજકોટની લલના પાસે દેહવેપલો કરાવતા સંચાલક અને ગ્રાહકો મોકલતા નેપાળી વિરૂદ્ધ ફરિયાદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાધુ વાસવાણી રોડ પર અતુલ બેકરી ઉપર બીજા માળે આવેલા એમએસ વેલનેસ સ્પામાં ફૂટણખાનુ ચાલતુ હોવાની માહિતી પરથી એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે દરોડો પાડી સંચાલક અને અહિં ગ્રાહકો મોકલતો નેપાળી શખ્સ સામે ગુનો નોંધ્યો હતો. સ્પામાં રાજકોટ, બિહારની યુવતિને રાખી તેની પાસે લોહીનો વેંપલો કરાવી સંચાલક ગ્રાહક પાસેથી કાઉન્ટર ઉપર ૧૦૦૦ મુકાવી તેમજ શરીર સંબંધ બાંધવાના અલગથી ૨૦૦૦ લઇ લલનાને ૧૦૦૦ આપી બાકીના પોતે રાખી લતો હોવાનું ખુલ્યું હતું. પોલીસે દરોડા દરમિયાન રૂ. ૩૭૩૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ અંગે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના હેડકોન્સ. મહમદઆરીફ શૌકતઅલી અંસારીની ફરિયાદ પરથી એમએસ વેલનેસ સ્પાના સંચાલક મુકુંદ જયેશભાઈ કાચા (રહે. વિષ્ણુ વિહાર સોસાયટી-૪) તથા ગ્રાહકોને અહિ મોકલતા મવડી ચોકડી પાસે રહેતાં નવીન લામા-નેપાળી વિરૂદ્ધધ ઈમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. ટીમને બાતમી મળતાં ડમીગ્રાહકને સ્પામાં મોકલી ખરાઇ કરી હતી. બાદમાં પોલીસની ટીમ ત્રાટકી હતી. આ વખતે કાઉન્ટર પર બેઠેલો શખ્સ ભાગી ગયો હતો. અહિ યુવતિ હાજર હોઈ તેની પુછ્તાછ કરતાં તેણે પોતે રાજકોટની હોવાનું અને ભાગી ગયેલો શખ્સ નવીન લામા નેપાળી હોવાનું તેમજ ગ્રાહકોને નવીન અહિ લાવતો હોવાનું કહ્યું હતું.

પોલીસે રૂમ ચેક કરતાં એક રૂમમાંથીસ્ત્રી-પુરૂષ મળી આવ્યા હતાં જે કઢંગી હાલતમાં હતો. યુવતિની પુછ્તાછ કરતાં પોતે મુળ બિહારની હોવાનું અને હાલ રાજકોટ રહેતી હોવાનું તેમજ પોતાની સાથેના ગ્રાહકને નવીન લામા નેપાળીએ મોકલ્યાનું કહ્યું હતું. આ યુવતિએ કહ્યું હતું કે સ્પાનો સંચાલક મુકુંદ કાચા છે જે ગ્રાહક દીઠ ૨૦૦૦ રૂપિયા લઇ પોતાને ૧૦૦૦ આપે છે અને ૧૦૦૦ મુકુંદ રાખી લે છે. તેમજ સ્પામાં એન્ટ્રી ફી તરીકે અલગથી ૧૦૦૦ કાઉન્ટર પર જમા કરાવવા પડે છે.

બીજા રૂમમાં ચેક કરતાં અન્ય એકસ્ત્રી મળી હતી. જેણે પોતે મુળ રાજકોટની જ હોવાનું કહ્યું હતું. આ રૂમમાંથી ગ્રાહક તરીકે એક શખ્સ મળ્યો હતો. તે માત્ર મસાજ કરાવવા જ આવ્યો હતો. પોલીસે દરોડા દરમિયાન રોકડા ૨૭૩૫૦, મોબાઈલ ફોન બે નંગ મળી ૩૭૩૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા. જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એએચટીયુ ટીમના પીઆઈ બી. એમ. ઝણકાટ, પીએસઆઈ એ. કે. ગોસ્વામી, હેડકોન્સ. મ.આરીફ અંસારી, હેડકોન્સ. હરસુખભાઈ, કોન્સ. હસમુખભાઈ, મહિલા કોન્સ. ભુમિકાબેન સહિતે આ કામગીરી કરી હતી.

# ૧૫૦ ફુટ રીંગ રોડ પર ૨૯.૭૨ લાખનો વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

## ગાંધીધામના સપ્લાયરે દારૂ જેતપુર લઈ જવાનું કહ્યુ હતુંઃ ચાલકની કબુલાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ તરફથી એક કંટેનર નવા ૧૫૦ ફુટ રીંગ રોડ તરફ આવી રહ્યો છે અને તેમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. તેવી બાતમીના આધારે યુનિવર્સિટી પોલીસે વોચ ગોઠવી કન્ટેનરને ઝડપી લીધું હતું. તલાસી દરમ્યાન અંદરથી ૨૯.૭૨ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા ટ્રક ચાલક રાજસ્થાની શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

જાણવા મળ્યા મુજબ, જામનગર હાઈવે પર નવા ૧૫૦ ફુટ રીંગ રોડ તરફ એક શંકાસ્પદ કેન્ટેનર ટ્રક આવી રહ્યો છે અને તેમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવાયો છે. તેવી બાતમી યુનિવર્સિટી પોલીસ મથકના એએસઆઈ ભગત, હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ ગોહિલ, પોલીસ કોન્સ્ટેબલ પ્રાદિત્યસિંહ ઝાલા અને દિવ્યરાજસિંહ જાડેજાને બાતમી મળતા પીઆઈ એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ પી એસ આઈ એનવી ચાવડા સહિતના સ્ટાફે તુરંત ઘંટેશ્વર નજીક વોચ ગોઠવી હતી. ત્યારે બાતમીવાળો કંટેનર ટ્રક પસાર થતા તેને અટકાવતા ટ્રકમાંથી ચાલક મળ્યો હતો.

જે ચાલકની અટકાયત કર્યા બાદ કન્ટેનરની તલાશી લેવાતા અંદરથી ૪૭૮૪ નંગ વિદેશી દારૂની બોટલ કિંમત રૂપિયા ૨૯.૭૨ લાખનો મળી આવતા ટ્રક ચાલક રાજસ્થાનના બાડમેર જિલ્લાના રામસેર તાલુકાના ગાંધીનગર ખડીન ખાતે રહેતા પુરખારામ સવરૂપારામ જાંટ (ઉ.વ.૨૩) નામના શખ્સની ધરપકડ કરી દારૂ અને કન્ટેનર સહિત ૩૯.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

બાદમાં ટ્રક ચાલકની પુછપરછ કરાતા તેણે જણાવ્યું હતુ કે, ગાંધીધામના કોઈ બુટલેગરે દારૂ ભરેલું કન્ટેનર તેને સોંપ્યુ હતું અને આ કન્ટેનર તેને જેતપુર પહોંચાડવાનું હતું. આથી આ દારૂનો જથ્થો જૈતપુરના કોઈ બુટલેગરે મંગાવ્યા હોવાની શંકાના આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# આંબેડકરનગરમાં યુવાન ઉપર પિતા પુત્ર સહિત ચાર શખ્સોનો હુમલો

## ભગવતીપરા વિસ્તારમાં પાંચ શખ્સોએ યુવકને છરીના ઘા ઝીંકી દીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આંબેડકરનગર વિસ્તારમાં આવેલા રાવણ ચોકમાં નજીવા પ્રશ્ને યુવાન પર પિતા પુત્ર સહિત ચાર શખ્સોએ ધોકા-પાઈપ વડે હુમલો કર્યો હતો. યુવકને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપનાર ચારેય શખ્સો વિરુદ્ધ પોલીસ - દફતરે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર આવેલી વિશ્વકર્મ સોસાયટીમાં રહેતો યશ રસિકભાઈ બકરાણીયા નામનો ૨૪ વર્ષનો યુવાન આંબેડકરનગર રાવણ ચોકમાં હતો ત્યારે બાબુ બારોટ, વિનુ બારોટ, અરૂણ વિનુ બારોટ અને અજાણ્યા શખ્સે નવજીવા પ્રશ્ને ઝઘડો કરી ધોકા-પાઈપ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની યશ બકરાણીયાએ માલવીયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ ઉપરાંત બીજા બનાવમાં ભગવતીપરા વિસ્તારમાં રહેતો જાવેદ યુસુફભાઈ જુણેજા નામનો ૨૬ વર્ષિય યુવાન ભગવતીપરા નીચલા રોડ પાસે નદી કાંઠે હતો ત્યારે સાગર ઉર્ફે સગો, અનિલ, અનિલનો ભાઈ છીકણી, ચડીયો અને અનિલના ભાણેજ સહિતના શખ્સોએ ઝઘડો કરી છરીના ઘા ઝીંકી બીભત્સ ગાળો ભાંડી હોવાની જાવેદ જુણેજાએ બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ઉપરોક્ત બન્ને ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# વેપારીને મરવા મજબુર કરવાના કેસમાં બે આરોપીને જામીન મુકત કરતી અદાલત

## વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધાની ૧૧ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ’તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીમાં વેપારીને મરવા મજબુર કરવાના કેસમાં વ્યાજવટાવના ગુનામાં જેલ હવાલે રહેલા બે આરોપીને કોર્ટે શરતોને આધીન જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ મોરબીમાં રહેતા વેપારી નીલેશભાઈ હરેશભાઈ મકવાણાએ વ્યાજખોરના ત્રાસથી કંટાળી હીતેશ માર્કેટીંગની ઓફિસમાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. જે અંગે નીલેશભાઈ મકવાણાના નાના ભાઈ જીજ્ઞેશભાઈ હરેશભાઈ મકવાણાએ તા.૧૧/૪/૨૫ ના રોજ મોરબી બી. ડિવિઝન પોલીસ મથકમાં ૧૧ શખ્સો સામે સ્યુસાઈડ નોટના આધારે બી.એન.એસ.ની કલમ ૧૦૮ અને ગુજરાત નાણા ધીરધારની કલમ ૪૦, ૪૨ હેઠળ ફરીયાદ નોંધાવી હતી. જે કેસમાં સંડોવાયેલા પોલીસ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાએ પોતાના વકીલ મારફત મોરબી સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે આગોતરા જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ પોલીસ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજાના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને વિવિધ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઇ સેશન્સ જજ મીતલકુમાર રસીકભાઈ નાદપરાએ પોલીસ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજાની રૂ.૫૦ હજારના શરતી આગોતરા જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીઓ વતી વકીલ મનીષ પી. ઓઝા (ગોપાલ ઓઝા) અને મેનાઝ એ. પરમાર રોકાયા હતા.


# જંગલેશ્વરમાં બાળકીએ પાડોશીની રીક્ષામાં ધૂળ ઉડાડતાં બે પરિવારો વચ્ચે મારામારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વરમાં ૨ વર્ષની બાળકીએ પાડોશીની રીક્ષામાં ધૂળ ઉડાડવા બાબતે ઝઘડો થતાં બે પરિવારો વચ્ચે મારામરી સર્જાઈ હતી. જેમાં બંને પક્ષે સામ-સામે ફરિયાદ નોંધવતા પોલીસે મહિલાઓ સહિત ૧૩ સામે ગુનો નોંધાયો છે.

આ અંગેની વિગતો મુજબ, જંગલેશ્વર શેરી નં.૦૧ શાળા નં.૭૦ની સામે રહેતા અયુબ હારૂનભાઈ શેખ(ઉં.વ.૪૧)એ આરોપી તરીકે પડોશી જેતુનબેન તેમનો પુત્ર-પુત્રવધુ-પૌત્ર, રોશનબેન, ઈસો, સરફરાજ સદામ અને, અબ્રાહિમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેની ઇંડાની રીક્ષા ઘરની બહાર પડલી હોય જે પુત્ર અમન સાફ કરી રહ્યો હોય દરમિયાન પડોશમાં રહેતા ઈશાભાઈની પુત્રીએ રિક્ષામાં ધૂળ નાખી હતી. જેથી અયુબ જેતુનબેનને કહેવા ગયો ત્યારે જેતુનબેને તેને કહ્યું કે, એ છોકરી છે એટલે તે એવું તો કરે. આમ કહી આ જેતુનબેન અને રોશનબેન બંને બહેનો તથા જેતુનબેનની પુત્રવધુ એમ બધા જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. ત્યારબાદ આ જેતુનબેને તેના ઘરમાં રહેલ પાઈપ લઈને આડેધડ માર મારવા લાગતા તેનો પૌત્ર આવી ગયો અને તેને ધક્કો મારી પડી દીધો હતો. જે બાદ જેતુનબેનના પુત્ર ઈસાભાઈએ આવી અને તેની સાથે બોલાચાલી કરી, ઝપાઝપી કરવા લગતા અંદરથી નાનાભાઈ અસ્લમે ત્યાં આવી જઈ બધાને છુટા પડાવ્યા હતા. આ જેતુનબેનના પતિ ઈબ્રાહીમભાઈ તથા સંબંધી સરફરાજ અને સદામે પણ તેના ભાઈ અસ્લમને માર માર્યો હતો. સામાપક્ષે જેતુનબેન દ્વારા આરોપી અયુબ, અસલમ, આયુબની પત્ની, બહેન, માતા તેમજ અજાણ્યા બે શખસો સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, આયુબે તેમની પૌત્રીની ફરિયાદ કરવા માટે ઘરે આવેલ ત્યારે જેતુનબેને કહેલ કે તે નાનું બાળક કહેવાય આવું સમજાવા જતાં અયુબ એકદમ ઉશ્કેરાય ગયો હતો અને હવે કાઈ કરશો તો મારી નાખીશ તેવી ધમકી આપી હતી. દરમિયાન આયુબના પરિવારે જેતુનબેન ના પરિવાર પર હુમલો કર્યો હતો દરમિયાન અસલમે તેઓને માથામાં પાઈપ માર્યો હતો. બનાવ અંગે ભક્તિનગર પોલીસે સામ-સામે ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સને પાસા તળે ભાવનગર ધકેલાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સની પોલીસે અટકાયત કરી પાસા દરખાસ્ત મંજુર થતા ભાવનગર જેલ ખાતે ધકેલવામાં આવ્યો છે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, એડીશ્નલ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા, અને મદદનિશ પોલીસ કમિશ્નર (કાઇમ).બી.બી.બસીયાએ કરેલ સુચના અન્વયે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરીને મોકલવામાં આવેલ જે પોલીસ કમિશ્નર દ્વારા મંજુર કરવામાં આવતા વિપુલ પ્રવિણભાઈ બગથરીયા (રહે. વિશ્વનગર આવાસ યોજના કવાર્ટર, બ્લોક નં.૨૧, કવાર્ટર નં.૨૨૩૦, ત્રીજો માળ, નીલેપભાઈ પટેલના મકાનમાં ભાડેથી, માયાણી નગર મે.રોડ, રાજકોટ)ની અટકાયત કરી પાસા તળે ભાવનગર જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

ઝડપાયેલા શખ્સ વિરૂધ્ધ અગાઉ રાજકોટ શહેર પ્રોહી ભંગના કુલ -૦૪ ગુન્હામાં તેમજ શરીર સબંધી ગુન્હાઓ ખુનની કોશીષ સહીત કુલ ગુન્હા -૦૫ તેમજ એક વખત આર્મ્સ હથિયારના ગુન્હામાં પકડાયેલ છે. આરોપીની અગાઉ બે વખત પાસા કરવામાં આવેલ છે તેમ છ્તા ગે.કા અસામાજીક પ્રવૃતી ચાલુ રહેલ હોય જેથી પાસા હેઠળ અટકાયત કરવામાં આવેલ છે.

# રંગોલી પાર્કના બિસ્માર રસ્તા મામલે રસ્તા રોકો આંદોલન



## આરએમસીએ ધ્યાન નહિ આપતા ગણપતિ બાપ્પાને પ્રાર્થના સાથે લડતઃ પાણીની લાઈન નાખવા ખોદાયેલા રસ્તા રિપેર થતા નથી,બાળકો ,વૃદ્ધો ઉપર જોખમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવાડ રોડ ઉપર આવેલ રંગોલી પાર્કસોસાયટીના ના રસ્તા એક વર્ષથી બિસ્માર છેઅને તેનું રિપેરીંગ કરવામાં મનપાએ ધ્યાન નહિ આપતા આજે લોકોએ રસ્તા રોકો આંદોલન કરી તંત્ર સામે રોષ વ્યકત કર્યો હતો. રંગોલી પાર્કના રસ્તા મનપાએ લાઈન નાખવા માટે ખોદી નાખ્યા બાદ રિપેર નથી કર્યા અને હજુ એકાદ વર્ષ સુધી કામ ચાલશે તેવું અધિકારીઓએ જણાવતા લોકો ઉશ્કેરાયા હતા.

રેગોલી પાર્કના ઈન્ચાર્જ પ્રમુખ ભીખાલાલ સહાયતાએ કહયું હતું કે,અમારી રજૂઆતો ધ્યાને નહિ લેવાતા અમે ગણપતિ બાપ્પાને પ્રાર્થના કરી તંત્ર સામે વિરોધ વ્યકત કરવા આંદોલન કર્યું હતું. તેમણે કહયું હતું કે અમે ગણપતિ બાપ્પાને પ્રાર્થના કરી છે કે અમારા ટેક્ષના પૈસા પરત અપાવો અમે જાતે રસ્તા બનાવી લઈશું.

તંત્રના અધિકારીઓને ખબર છે કે આ રસ્તા લાંબા સમયથી બિસ્માર છે આમ છ્તા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. અમારા બિસ્માર રસ્તાને કારણે સ્કૂલ બસ પણ બાળકોને દૂર ઉતારીને ચાલી જાય છે ત્યાંથી બાળકોને ગારો કિચડ ખુંદતા આવવું પડે છે.મનપા પાસે અમે સ્પીડબેકર બનાવવા રસ્તા રિપેર કરવા અને અત્યાર સુધી જે સમસ્યાનો અમારે સામનો કરવો પડયો છે તેના જવાબદાર અધિકારી સામે કાર્યવાહી કરવા માગણી ઉઠાવી છે.

અન્ય એક અગ્રણીએ કહયું હતું કે, અમે તમામ લોકો મહાપાલિકાને ટેક્ષ ચુકવીએ છીએ. રાજય અને કેન્દ્રના પણ બધા જ કરવેરા અદા કરીએ છીએ છ્તા અમને યોગ્ય સુવિધા મળતી નથી. રસ્તાની સમસ્યાને કારણે બાળકો અને વૃદ્ધોને ખાસ ધ્યાન રાખવું પડે છે. ઘરની બહાર વાહન લઈને નિકળતા બધાને ડર લાગે છે.